Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૦
તા.૦૬-૧૦-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૪ સૂર્યાસ્ત : ૦૬:૨૨

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૨ | વડોદરા | ૩૭.૦ |
| અમદાવાદ | ૩૮.૮ | સુરત | ૩૬.૬ |
| ગાંધીનગર | ૩૯.૨ | નલિયા | ૩૩.૬ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતમાં પેટ્રોલ - ડીઝલ સસ્તુ થશે

રાજકોટ

ગુજરાતમાં સરકાર પેટ્રોલ - ડીઝલ પરનો ટેક્ષ ઘટાડશે તેથી પેટ્રોલ-ડીઝલ સસ્તુ થવાનો રસ્તો ખૂલશે હાલ પેટ્રોલ પર ૨૮ ટકા જેટલો અને ડીઝલ પર ૨૮ ટકા જેટલો વેટ લાગી રહ્યો છે. રાજ્ય સરકાર માટે આ આવક દુઝતી ગાય સમાન છે.

પેટ્રોલ-ડીઝલ પર વેરો ઘટાડવાથી સરકારની આવકમાં ગાબડુ પડશે. રાજ્ય સરકારને પેટ્રોલ-ડીઝલ અને ગેસ પરના વેરાની વાર્ષિક આવક રૂા. ૨૦ હજાર કરોડ જેટલી છે. કેન્દ્રએ તમામ રાજ્યોને વેટ ઘટાડવા અપીલ કરેલ તે ગુજરાતે માન્ય રાખવામાં પહેલ કરી છે. વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી હોવાથી ભાજપ માટે આ નિર્ણય રાજકીય રીતે લાભદાયી રહેવાની ધારણા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગઈકાલે ઉનામાં પેટ્રોલ-ડીઝલમાં ટેક્ષ ઘટાડવાની જાહેરાત કરેલ. આજે નાણા વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુંખ્યમંત્રી નીતિન પટેલે જણાવેલ કે સરકાર બે-ત્રણ દિવસમાં પેટ્રોલ-ડીઝલમાં વેરા ઘટાડવા આગળ વધી રહી છે. તેનાથી બન્ને ઈંધણો સસ્તા થશે કેટલો ઘટાડો કરવો તે ટુંક સમયમાં જાહેર થશે.

## વિચાર વૈભવ...

### ત્રણને તો નિયંત્રણમાં રાખો જ- કામને, ક્રોધને અને લોભને

વાત- પિત્ત અને કફ, આ ત્રણ નિયંત્રણમાં ન હોય તો શરીર રોગગ્રસ્ત બની જાય એની તો આપણને ખબર છે, પણ કામ- ક્રોધ અને લોભ, આ ત્રણ નિયંત્રણમાં ન હોય તો મન દોષગ્રસ્ત બની જાય અને આત્મા દુર્ગતિમાં ચાલ્યો જાય આ હકીકતની આપણને ખબર છે કે કેમ એમાં શંકા છે.

એક વાત યાદ કરાવું? આપણી જિંદગીને ગંભીરતાથી તપાસીએ તો આપણને સ્પષ્ટ ખ્યાલ આવી જાય કે આપણી જિંદગી કદાચ આ ત્રિપુટ-ીથી જ ઘેરાયેલી છે. મનમાં જાતજાતની ઉચિત- અનુચિત, લાભકારી- નુકસાનકારી ઈચ્છાઓ જાગતી જ રહે છે આનું નામ છે, કામ. એ ઈચ્છાઓ જો સફળ નથી બનતી તો મનમાં ખળભળાટ ઊભો થઈ જાય છે, આનું નામ છે, ક્રોધ. અને જો એ ઈચ્છાઓ સફળ થઈ જાય છે તો મનમાં એક જાતની રતિ ઊભી થઈ જાય છે, આનું નામ છે, લોભ.

જાગ્રત અવસ્થામાં આપણા મનમાં જે પણ લાગણીઓ ઊઠી રહી છે એ તમામ પ્રકારની લાગણીઓનો સમાવેશ લગભગ તો આ કામ- ક્રોધ અને લોભમાં જ થઈ જાય છે. હવે જવાબ આપો. જે લાગણીઓ સરવાળો એ જ જ્યારે આ જીવનની વ્યાખ્યા બની ગઈ છે ત્યારે એ લાગણીઓ પર નિયંત્રણ ન હોય તો આ જીવનનું થાય શું?

યાદ રાખજો, અનિયંત્રિત કામ કામાંધતા બનીને રાવણને જન્મ આપતો રહે છે. અનિયંત્રિત ક્રોધ ક્રોધાંતા બનીને પરશુરામને જન્મ આપતો રહે છે તો અનિયંત્રિત લોભ લોભાંધતા બનીને દુર્યોધનને જન્મ આપતો રહે છે. પરિણામ? આંખ સામે જ છે. શું કહું? આ દેશે 'કામ' નો સમાવેશ પુરુષાર્થમાં કર્યો છે એ વાત સાચી પણ એ કામ કયો? જે કામ સદાચારથી નિયંત્રિત હોય તે. એ જ રીતે 'અર્થ' નો સમાવેશ પણ આ દેશે પુરુષાર્થમાં કર્યો છે એ વાત સાચી પણ એ અર્થ કયો? જે અર્થ નીતિથી નિયંત્રિત હોય તે. સંદેશ સ્પષ્ટ છે. ગાડીમાં બ્રેક જોઈએ જ. રસ્તા પર સિગ્નલ જોઈએ જ. મેદાન પર ક્રિઝ જોઈએ જ. દેશને બંધારણ જોઈએ જ.બસ, એ ન્યાયે કમ- ક્રોધ- લોભ એ ત્રણેય પર નિયંત્રણો જોઈએ જ.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

# જીએસટીનો અમલ દોઢ વર્ષ માટે મોકૂફ રાખો : શંકરસિંહ

**કાયદા લોકોને ગળેટૂંપો દેવા માટે નહી પણ પ્રજાના કલ્યાણ માટે હોય : બાપુના ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો**

અમદાવાદ



કોંગ્રેસ સાથે છેડો ફાડી જનવિકલ્પ મોરચાનું નેતૃત્વ સંભાળનાર પીઢ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ સરકાર અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ અને કેન્દ્રની મોદી સરકારને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, જન વિકલ્પના નેજા હેઠળ મેં છેલ્લા ૧૩ દિવસમાં રાજ્ય ભરમાં હજાર કિલોમીટરનો રાજયમાં પ્રવાસ કર્યો અને છેવાડાના માનવીને રૂબરૂ મળ્યો ત્યારે મેં અનુભવ્યું કે, લોકો બહુ દુઃખી છે, ત્રસ્ત છે. મહિલાઓ, ખેડૂતો, બેરોજગાર યુવાઓ બધાની હાલત કફોડી છે. જીએસટીથી વેપારીઓ આત્મહત્યા કરવા પ્રેરાયા છે તો લાખો કારીગરો બેકાર થઈ ગયા છે. નોટબંધીએ પણ ઈન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રકશન સહિતના સેકટરને તોડી નાંખ્યા છે. લોકો ભિખારી બની જાય અને આપઘાત કરવા પ્રેરાઈ જાય એટલી હદ સુધીનો ત્રાસ ના ગુજારો. માનવતા ખાતર પણ જીએસટીનો અમલ દોઢ વર્ષ સુધી મોકૂફ રાખો. અનામતના મુદ્દે કોઈ રાજકારણ ના થવું જોઈએ. ગુજરાતમાં બિનઅનામત સમાજ માટે ૨૫ ટકા અનામતની જોગવાઈ કરતો કાયદો પસાર કરો અને દિલ્હી સરકાર તેને બહાલી આપે. જીએસટી અને નોટબંધીના મુદ્દે ભાજપ અને મોદી સરકારને આડા હાથે લેતાં બાપુએ જણાવ્યું કે, જીએસટીના કારણે ગુજરાતની આર્થિક રાજધાની સુરત બેહાલ બન્યું છે. આશરે પંદર લાખ પરપ્રાંતીય કારીગરો સુરતમાંથી જતા રહ્યા છે, તો અન્ય પંદર લાખ કારીગરો બેકાર બન્યા છે. જીએસટીના લીધે ઉદ્યોગો મંદીના ખપ્પરમાં અને ત્રાહિમામ્ પોકારી શટરો પાડી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

### ડિજિટલ ઇન્ડિયાને પ્રમોટ કરવાની તૈયારી

# મોદી સરકાર હવે મફ્ત ડેટાની ભેટ આપે તેવી શક્યતા

**ગ્રામીણ ક્ષેત્રમાં રહેલા યુવાનોને આકર્ષિત કરવા માટેની યોજના : ફ્રી ડેટાની યોજના પર વિચારણા ચાલી રહી છે**

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય ચૂંટણી પહેલા ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા યુવાનોને આકર્ષિત કરવા માટે મોટો દાવ રમવા માટે તૈયાર છે. મોદી સરકાર લોકોને ફ્રી ડેટા આપવાની યોજના બનાવી રહી છે. આ યોજનાની શક્યતા ચકાસવામાં આવી રહી છે. સુત્રોના કહેવા મુજબ ટેલિકોમ મંત્રાલય હાલમાં આના પર કામ કરી રહ્યુ છે. આશરે એક વર્ષની લાંબી ચર્ચા વિચારણા કર્યા બાદ હવે યોજનાનિર્ણાયક તબક્કામાં પહોંચી હોવાના હેવાલ મળી રહ્યા છે. સરકાર આ યોજનાને વર્ષ ૨૦૧૮ના બજેટમાં રજૂ કરી શકે છે. જે મોદી સરકારનુ વર્ષ ૨૦૧૯માં

અનુસંધાન પાના નં.૬

### અખિલેશની સપા અધ્યક્ષ તરીકે તાજપોશી : મુલાયમ ગેરહાજર

આગરા

આગરામાં સમાજવાદી પાર્ટીની ૧૦મી રાષ્ટ્રીય સમ્મેલનની બેઠક આજે વિધિવત રીતે શરૂ થઈ હતી. આ બેઠકમાં ધારણા પ્રમાણે જ પ્રથમ દિવસે આગામી પાંચ વર્ષ માટે અખિલેશ યાદવની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તાજપોશી કરવામાં આવી હતી. પાર્ટીના સ્થાપક મુલાયમસિંહની ગેરહાજરીમાં અખિલેશની તાજપોશી કરવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીના આ રાષ્ટ્રીય સંમેલનને સફળ બનાવવા માટે તમામ પ્રયાસો પાર્ટી દ્વારા કરવામાં આવ્યા છે.

# ડીસાના આખોલ નજીક જીપ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં ત્રણના મોત

**મૃતકમાં બે મહિલા અને એક પુરૂષનો સમાવેશ**

ડીસા



ભરત સુંદેશા

ડીસાના અખોલ નજીક બનાસનદીના પુલ પાસે ગત મોડી રાત્રે જીપ અને ટ્રેક્ટર વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના કરૂણ મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ડીસાના આખોલ નજીક બનાસ પુલ પાસે ગઈકાલે મોડી રાત્રે જીપ ટ્રેક્ટરની પાછળ ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. જે ઘટનામાં બે મહિલા અને એક પુરૂષ સહિત ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. આ બનાવના પગલે આસપાસથી લોકો દોડી આવી ૧૦૮ ને જાણ કરી અન્ય ત્રણ ઘાયલ વ્યક્તિઓને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ ઘટનાને લઈ મોડી રાત્રે અરેરાટી વ્યાપી જવા પામી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓ ડીસા તાલુકાના વહારા ગામના હોવાનું જાણવા મળ્યું હતું. જોકે તેમના નામ જાણી શકાય ન હતા.

### પંદરમી પૂણ્યતિથિએ સ્મરણાંજલિ



**અમૃતભાઈ બી. શેઠ**
(આદ્ય સ્થાપક : 'રખેવાળ' દૈનિક)
સ્વ.આસો વદ-૧, ૨૨ ઓકટોબર - ૨૦૦૨

ખુમારીના તેજથી ચમકતી બે આંખોની કૃપા દ્રષ્ટિ,
મદદ કરવા ઉઠતા બે હાથની સાચી કર્મઠતા,
મમતા અને કરૂણાથી ધબકતું હૃદય...
એક સાથે કેટ કેટલું ગુમાવ્યું અમે, ન રહ્યો સહારો,
ન રહ્યાં જિંદગીના તાણાવાણા રહ્યા તો બસ,
માત્ર સ્મૃતિઓના સંભારણા...!

તરૂણ અમૃતલાલ શેઠ
વિક્રમ અમૃતલાલ શેઠ
શેઠ પરિવાર - રખેવાળ પરિવાર

### કરોડો ઉમ્મીદોની સાથે ભારતીય ટીમ પ્રથમ વખત ફિફામાં ઉતરશે

# આજથી અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ શરૂ : કરોડો લોકો ભારે રોમાંચિત

**આજે પોતાની પ્રથમ મેચ અમેરિકા વિરૂદ્ધ રમશે : જોરદાર તૈયારી કર્યા બાદ વિશ્વ મંચ ઉપર કુશળતા દર્શાવવાની તક : કુલ ૨૪ ટીમો વચ્ચે જંગ ખેલાશે**

નવીદિલ્હી

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફુટબોલ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ ફૂટબોલની આવતી-કાલથી ભારતમાં શરૂઆત થઈ રહી છે. આની સાથે જ ભારતનું પણ એક મોટુ સપનું પુર્ણ થનાર છે. ભારતીય ચાહકોને ઘરઆંગણે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપની મેચો જોવાની મજા પડી જશે. ભારતીય ટીમ પણ કરોડો ઉમ્મીદોની સાથે મેદાનમાં ઉતરી રહી છે. ભારતીય ફુટબોલ માટે આ ટુર્નામેન્ટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ફૂટબોલ માટે છઠ્ઠી ઓક્ટોબર નો દિવસ ઐતિહાસિક બની રહેશે જ્યારે ભારત પ્રથમ વખત કોઈપણ વર્ગમાં ફિફા મંચ ઉપર પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે મેદાનમાં ઉતરશે. આનાથી ભારતમાં ફૂટબોલને નવી દિશા મળી શકે છે. દુનિયાના બીજા સૌથી મોટા દેશ ભારતના લોકોને ફિફા અન્ડર-૧૭થી ખુબ આશા રહેલી છે. ફુટબોલ ટીમ ફિફા વિશ્વકપમાં મેદાનમાં ઉતરી રહી છે. ભારતના યજમાનપદ

અનુસંધાન પાના નં.૬

# નરેન્દ્ર મોદી સામેની ઝાકિયા જાફરીની અરજી ફગાવાઈ

અમદાવાદ

ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવનાર ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં આ હત્યાકાંડમાં માર્યા ગયેલા કોંગ્રેસના પૂર્વ સાસંદ એહસાન જાફરીના વિધવા ઝાકીયા જાફરીએ સીટના કલોઝર રિપોર્ટને પડકારતી હાઈકોર્ટમાં કરેલી રિવીઝન અરજી ગુજરાત હાઈકોર્ટે આજે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે મોદી સહિતના મહાનુભાવોને કલીનચિટ્ આપતાં સીટના કલોઝર રિપોર્ટને પડકારતી રિવીઝન અરજી ફગાવવાની સાથે સાથે ગુલબર્ગ હત્યાકાંડને લાર્જર કોન્સ્પીરેન્સી માનવાનો પણ સાફ ઈનકાર કરી દીધો હતો. જો કે, હાઈકોર્ટે ગુલબર્ગ કેસમાં નવેસરથી તપાસના મામલે સંબંધિત કોર્ટ સમક્ષ અરજી કરવા ઝાકીયા જાફરીને પરવાનગી આપી હતી. હાઈકોર્ટે સીટની તપાસને માન્ય રાખી હતી. ચકચારભર્યા ગુલબર્ગ હત્યાકાંડના આ મામલાની વિગતો એવી છે કે, ગુલબર્ગ હત્યાકાંડ કેસ સંદર્ભે

અનુસંધાન પાના નં.૬

મા શક્તિ જ્યોતિષ (પાલનપુર)
૭૨ કલાકમાં તાબડતોબ નિકાલ, ધારેલી વ્યક્તિનું મિલન, પ્રેમીપંખીડા, મહામોહીની, વશીકરણ, છુટાછેડા, લવપ્રોબ્લેમ
ગઠામણ દરવાજા,પાલનપુર
મો.૯૭૨૬૪૭૧૨૯૦

નકલ કરીને ફુવારા બનાવનાર અને નકલી ફુવારા વેચનાર ઠગો થી સાવધાન!
ઓરિજનલ અને અસલી ૫૦૨૨ એસડી ફુવારા ના જનક તો જૈન ઈરિગેશન જ છે.
આપના પાકની ગુણવત્તા અને વધુ ઉત્પાદકતાનો આધાર ઉચ્ચ ગુણવત્તા ધરાવતા જૈન ફુવારા પર છે.
જૈન ફુવારા વસાવો વધુ નફો મેળવો ...
આગામી સમયને અનુલક્ષીને જૈન ફુવારાની ગોઠવણી કરવા તથા બટાટાની સિઝનનું સફળ ઉત્પાદન લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે આજે જ જીજીઆરસી ની યોજના અંતર્ગત અરજી કરી ઝડપી સબસીડી મેળવો.




ખેડૂતોના હિતમાં પ્રકાશિત
ખેડૂત મિત્રો તમે પણ ગર્વથી કહો, અમે અસલી ફુવારા એટલે કે જૈન ફુવારાના માલિક છીએ !
જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ. | Acurain
ગુજરાત સરકારની સબસીડી ઉપલબ્ધ
ડીસા: દુકાન નં ૧૨૨ થી ૧૨૬, પહેલા માળે, કિસાન મોલ, આખોલ ચાર રસ્તા, ધાનેરા હાઈવે, ડીસા, જિ. બનાસકાંઠા - ૩૮૫૫૩૫, ફોન: ૦૨૭૪૪-૨૭૧૦૨૨ મો. ૦૯૪૨૬૫૧૧૪૦૪/ ૦૯૪૨૬૯૮૬૧૩૭૧, ઈમેઈલ: jaindeesa@jains.com. વડોદરા: ટોલ ફ્રી: ૧૮૦૦૨૩૩૨૬૭૪, અમદાવાદ: ૯૪૦૯૩૦૧૮૩૬, હિંમતનગર: ૯૪૨૭૧૧૮૯૮૩, રાજકોટ: ૯૪૨૬૫૧૧૪૦૧, ભુજ: ૯૪૨૬૯૯૯૩૦૪ અંકલેશ્વર: ૯૪૨૮૮૨૦૪૦૧

સૂર્યોદય - ૬.૩૪ સૂર્યાસ્ત - ૬.૨૨

## તિથિદર્શન

આસો વદ-૧ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ :એકમ શુક્રવાર નક્ષત્રઃ રેવતી સાંજે ૭.૩૧ પછી અશ્વિની યોગ :વ્યાઘાત કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) સાંજે ૭.૩૧ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્રોક્ત છે.**જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સાધ્વી સ્રીણાં દયિત વિરહે માનિનાં માનભંગે સબકો ના**
**મયપિ જન રવે નિગ્રહે પંડિતાનામ્ અન્યો દ્રેકે કુટિલ**
**મનસાં નિગૃણાનાં વિદેશે ભૃત્યા ભાવે**
**ભવનિ મરણં કિંતુ સંભાવિતાનામ્**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'માં એવી ઘટના- બાબત - બીના કે પરિસ્થિતિ જણાવવામાં આવી છે કે માની- સ્વમાની માણસ જીવતાં છતાં જાણે 'મરણ' જેવી સ્થિતિનો અનુભવ કરે છે. સતી- સાધ્વી- સ્નેહાળ પતિવ્રતા સ્રીને જયારે પોતાના પતિનો વિરહ સહન કરવો પડે ત્યારે, જે લોકો સ્વમાની, ગૌરવશાળી જાતિ- અભિમાન ધરાવનારા - માની લોકો જયારે માનભંગ કે અપમાનિત સ્થિતિમાં મુકાઈ જાય ત્યારે, આબરૂદાર, પ્રામાણિક, નિષ્ઠાવાન સજજનના ચારિત્ર્ય પર દાગ લાગે તેવો બટ્ટો લાગી જાય કે બદનામી અનુભવવી પડે ત્યારે, અને અપકીર્તિ થાય કે લોકો - સમાજમાં અપયશ ફેલાઈ જાય ત્યારે, બુદ્ધિશાળી- વિદ્વાન જયારે પોતાના જ્ઞાન- માન્યતા- વિદ્વત્તામાં ચર્ચા- પરીક્ષા- કસોટીમાં નિષ્ફળ જાય ત્યારે, અથવા તો બૌદ્ધિક રીતે નાસીપાસ થઈ હાર પામે ત્યારે. કુટિલ -લુચ્ચા- ઈર્ષાળુ લોકો બીજાની ઉન્નતિ જોઈને દાઝમાં મરે છે, મૂર્ખ- અજ્ઞાની લોકો વિદેશમાં અપમાનિત થઈ મરે- અધિકાર ભોગવેલા- નેતા- વડીલનું જયારે કોઈ સાંભળતું નથી- આજ્ઞા માનતું નથી ત્યારે દુઃખદ પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ખટપટમાં ન પડવું હિતાવહ. મનમાં અશાંતિ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.)અણધાર્યો લાભ મળે. કાર્યમાં સફળતા મળે.**
**મિથુન :(ક.છ.ઘ.) મનમાં મૂંઝવણ રહે. વ્યર્થ દોડા-દોડી રહે.**
**કર્ક : (ડ.હ.) આર્થિક લાભના યોગ છે. ધીરજ અને ખંતથી કાર્ય કરવું.**
**સિંહ : (મ.ટ.) આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાણાંકીય પરિસ્થિતિ સુધરે.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક ચિંતા હળવી બને. ખર્ચ ઉપર કાબુ રાખવો.**
**તુલા : (ર.ત.) વેપાર-વાણિજયને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય.) પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય.**
**મકર : (ખ.જ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્વજનથી મિલન-મુલાકાત થાય.**
**કુંભ : (ગ.શ.સ.) રચનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાય. સંતાનને લગતી સમસ્યા હળવી બને.**
**મીન : (દ.ચ.જ.થ.)પ્રગતિ થતી અટકે, માનસિક ઉચ્ચાટ અનુભવાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ખગોળ ભૌતિકના વિશ્વમાન્ય પંડિત અગ્રણી ભારતીય વજ્ઞાની સ્વ. ડા. મેઘનાદ સહાની જન્મજયંતિ છે. એમનો જન્મ તા. ૬-૧૦-૧૮૯૩ ના રોજ પૂર્વ બંગાળમાં ઢાકા પ્રાંતના એક ગામડામાં થયો હતો.

છેલ્લામાં છેલ્લી ડીગ્રી હાંસલ કરીને તેઓ કલકત્તાની યુનિ. કોલેજ ઓફ સાયન્સ એન્ટ ટેકનોલોજીના પ્રોફેસરના પદ સુધી પહોંચ્યા. અહીં રહીને એમણે ઈન્સ્ટિટ્યુટ ઓફ ન્યુકલીઅર ફિઝિકસની સ્થાપના કરી.

આ મહાન વિજ્ઞાનીનું ૧૬-૨-૧૯૫૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૮૭૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૫.૧૦.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ (૯૯૧૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૭૦ પોઈન્ટના પ્રથમ અને ૯૮૪૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૪૭ પોઈન્ટ થી ૯૯૬૧ પોઈન્ટ, ૯૯૭૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) HDFC બેન્ક (૧૭૯૫) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૮૧ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૬૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૧૮ થી રૂ.૧૮૩૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૩૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) મહેન્દ્રા - મહેન્દ્રા (૧૩૦૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૭૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) રિલાયન્સ ઇન્ડ. (૮૨૬) :- રૂ.૮૦૮ પ્રથમ તેમજ રૂ.૭૯૦ ના બીજા સપોર્ટથી રિફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૪૪ થી રૂ.૮૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) એક્સિસ બેન્ક (૫૦૩) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૧૯ થી રૂ.૫૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૪૮૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ભારત પેટ્રો (૪૮૦) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૬૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! જેં ઓઇલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૯૩ થી રૂ.૫૦૧ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૯૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૭૩ થી રૂ.૧૬૬૧ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૧૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) કોટક બેન્ક (૧૦૩૨) :- રૂ.૧૦૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૫૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૦૧૭ થી રૂ.૧૦૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૬૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) બાટા ઈન્ડિયા (૭૨૮) :- ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૪૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૭૦૯ થી રૂ.૬૯૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ઈન્ફોસિસ (૯૦૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૯૦ થી રૂ.૮૭૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૨૬ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ગ્લેનમાર્ક ફાર્મા (૬૧૩) :- રૂ.૬૨૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૯૬ થી રૂ.૫૮૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૪૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

### કોંગ્રેસનો મોંઘવારી રથ ભાજપનો પર્દાફાશ કરે છે

# એનએસયુઆઈની કોલેજોમાં યાત્રા સરકારની પોલ ખોલે છે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપને મ્હાત આપવાની વ્યૂહરચનાના ભાગરૂપે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઇ દ્વારા જીએલએસ કોલેજ સહિતની કોલેજમાં મોંઘવારી યાત્રા કાઢી ભાજપના રાજમાં ફી વધારા અને શિક્ષણના વ્યાપારીકરણની પોલ ખોલવામાં આવી હતી. એનએસયુઆઇના સંખ્યાબંધ કાર્યકરો દ્વારા ભાજપ સરકાર વિરોધી અને ફી ઘટાડા અંગેના સૂત્રોચ્ચાર અને નારાઓ લગાવવામાં આવ્યા હતા. બીજીબાજુ, કોંગ્રેસપક્ષનો ભાજપની મોંઘવારી માર સામે વિરોધમાં ઉતારવામાં આવેલો મોંઘવારી રથ શહેરના હાટકેશ્વર સહિતના વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં બેનરો, સ્લોગન સાથે જોરદાર વિરોધ વ્યકત કરાયો હતો. ગુજરાત વિધાનસભાની આગામી પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ભાજપને બધી રીતે મ્હાત આપવા કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહી છે. ખાસ કરીને કોંગ્રેસે ખેડૂતો, મહિલાઓ, વેપારી વર્ગ સહિતના વર્ગમાં પોતાની રીતે પ્રચાર-પ્રસારની વ્યૂહરચના અમલી બનાવી છે તો, રાજયના યુવા મતદારોને આકર્ષવા અને તેમના મત હાંસલ કરવા કોંગ્રેસે સૌપ્રથમવાર એનએસયુઆઈને જવાબદારી સોંપી છે. એનએસયુઆઇને ચૂંટણીલક્ષી આ મહત્વની જવાબદારી સોંપાતા તેના નેતાઓ અને આગેવાનો પણ હરકતમાં આવી ગયા છે અને પક્ષને સારૂ પરિણામ આપવા કટિબધ્ધ બન્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોલેજીયન યુવા મતદારોને આકર્ષવા કોંગ્રેસે આ અનોખી રણનીતિ અખત્યાર કરી છે. કોંગ્રેસની રણનીતિના ભાગરૂપે કોલેજીયન અને યુવા મતદારોને આકર્ષવા માટે એનએસયુઆઇ દ્વારા અમદાવાદ શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાનોમાં કોંગ્રેસપક્ષનો ચૂંટણી પ્રચાર અને પ્રસાર કરવાનું શરૂ કરી દેવાયું છે. સાથે સાથે રાજયમાં કોલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સુવિધા, તેમની અગવડો-મુશ્કેલીઓ, ફી સહિતના મુદ્દાઓને લઇ પક્ષનો અસરકારક પ્રચાર કરશે અને ભાજપ સરકારને ખુલ્લી પાડવામાં આવી રહી છે. એનએસયુઆઇના નેતાઓ અને અગ્રણીઓ દ્વારા ખાસ કરીને અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરોમાં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાયુ છે અને આ શહેરોની શૈક્ષણિક સંસ્થાઓ-કોલેજોમાં યુવા મતદારોને રૂબરૂ મળી તેઓને શિક્ષણક્ષેત્રે ભાજપ સરકારની નિષ્ફળતાઓથી પરિચિત કરાવી કોંગ્રેસનું શાસન લાવી સસ્તુ, સુવિધાયુકત અને અસરકારક શિક્ષણની ખાતરી આપી રહ્યા છે.

# સ્પીડ બ્રેકરના કારણે દરરોજ ૩૦ દુર્ઘટનાઓ થઇ રહી છે

નવી દિલ્હી

ભારતમાં સ્પીડ બ્રેકરના કારણે એટલી જાન બચતી નથી જેટલા મોત થઇ જાય છે. આ અંગેની ચોંકાવનારી અને ચિંતાજનક વિગત સપાટી પર આવી છે. માર્ગ પરિવહન મંત્રાલયના આંકડાથી જાણવા મળ્યુ છે કે સ્પીડના કારણે દુર્ઘટનાથી બચવા માટે બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકરના કારણે જ દેશમાં દરરોજ ૩૦ દુર્ઘટના થાય છે. સાથે સાથે નવ લોકોના મોત થાય છે. આ બે વર્ષના સરેરાશ આંકડા છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૪થી સ્પીડ બ્રેકરના કારણે થનાર અકસ્માતોના આંકડા એકઠા કરવાની શરૂઆત કરી હતી. ગયા વર્ષના ડેટા સરકારે હજુ સુધી જારી કર્યા નથી. પરંતુ સરકારી સુત્રોએ કહ્યુ છે કે આંકડા બરોબર જ રહેનાર છે. સ્પીડ બ્રેકરના કારણે એકલા ભારતમાં જેટલા લોકોના મોત થાય છે તેના કરતા બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં વધારે લોકોના મોત થાય છે. ઓસ્ટ્રેલિયામાં વર્ષ ૨૦૧૫માં માર્ગ દુર્ઘટનામાં ૨૯૩૭ લોકોના મોત થયા હતા અને બ્રિટનમાં ૩૪૦૯ લોકોના મોત થયા હતા. સ્પીડ બ્રેકરના કારણે ભારતમાં અકસ્માતો વધારે થઇ રહ્યા છે. કન્દ્રિય માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ કબુલાત કરી છે કે આ સમસ્યા દેશભરમાં છે. અમારા દેશમાં દરેક રસ્તા પરસ્પીડ બ્રેકર છે. જે આપના હાડકા તોડી શકે છે.

**અનુસંધાન પાના નં.૬**

# ખીમાણા ગામે ટ્રક આગમાં સપડાઈ



વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે અચાનક ટ્રકમાં આગ ભભૂકી ઉઠતા સમગ્ર ટ્રક આગની લપેટમાં આવતા અફડાતફડી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ શોર્ટ - સર્કીટના કારણે ટ્રકમાં આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ત્રણેક માણસો સામાન્ય દાઝયા હતા અને બે માણસોનો આબાદ બચાવ થયેલ. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા.

# શિહોરી-૧ પે.કે.શાળાના બાળકોએ ગાયમાતાના મેળાનો આનંદ માણ્યો

પ્રતિનિધિ શિહોરી

બનાસકાંઠા જિલ્લામાં સુપ્રસિદ્ધ એવા શિહોરના ગાયમાતાના મંદિરે શરદ પૂર્ણિમા નિમિત્તે પરંપરાગત મેળો ભરાય છે. જીવિત વાદળી ગાયની સમાધિ લીધેલ હોઈ ગાય માતાના મંદિરનું અનેરુ મહત્વ છે. આજુબાજુના વિસ્તારમાંથી લોકો વાદળી ગાયમાતાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ દિવસે ગાયમાતાનો હવન પણ કરવામાં આવે છે. ગાય માતાના મેળામાં બાળકોને ધાર્મિક જ્ઞાન મળે તેમજ આનંદ મેળવે તે હેતુથી શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળાના બાળકો મંદિરમાં દર્શન કરી મેળામાં વિવિધ પ્રકારની ચગડોળમાં બેસી આનંદ માણ્યો હતો. મેળાના આયોજકો દ્વારા બાળકો માટે તમામ ચગડોળ બેસવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપી હતી. જે બદલ શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ દલપતસિંહ વાઘેલાએ આયોજકોનો આભાર માન્યો હતો.

# ફિફા-૧૭ વર્લ્ડકપ મેચ કુલ છ સ્ટેડિયમોમાં રમાશે

નવી દિલ્હી

ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપની આવતીકાલથી શરૂઆત થઇ રહી છે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ આવતીકાલે અમેરિકા સામે રમીને શરૂઆત કરશે. ટીમ બ્લૂમાં રમી રહેલા ખેલાડીઓની વાત કરવામાં આવે તો તમામ ખેલાડીઓ છેલ્લા ઘણા સમયથી તૈયારી કરી રહ્યા હતા. છેલ્લા ૭૦ વર્ષથી જેની ઉત્સુકતા હતી તે દિવસ ભારતીય ફુટબોલ પ્રેમીઓ માટે આવતીકાલે આવી ગયો છે. સાંજે આઠ વાગે આવતીકાલે દિલ્હીમાં જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં જયારે ભારતીય ટીમ અન્ડર-૧૭ ફુટબોલ ટીમના ખેલાડી અમેરિકા સામે મેદાનમાં ઉતરશે ત્યારે ઐતિહાસિક પળ રહેશે. પ્રથમ વખત ફિફાના કોઇ ઈવેન્ટમાં ભારતીય ટીમ ઉતરી રહી છે. અન્ડર-૧૭ ભારતીય ટીમ અને તેના કેપ્ટનનું નામ ઈતિહાસમાં અમર બની જશે. આ ઐતિહાસિક પ્રસંગે ભારતીય ટીમ ખુબ આશાવાદી બનેલી છે. મોટા ઉલટફેર કરવાનો હેતુ પણ ધરાવે છે. ભારતીય ટીમ પાસેથી સારા દેખાવની અપેક્ષા પણ રાખવામાં આવી રહી છે. આ મેચો છ યજમાન શહેરોમાં છ સ્ટેડિયમોમાં રમાશે. ફાઈનલ મેચ પશ્ચિમ બંગાળના કોલકાતાના સોલ્ટલેક સ્ટેડિયમ ખાતે રમાશે. યજમાન ભારત ઉપરાંત અન્ય ૨૩ ટીમો જુદી જુદી સ્પર્ધામાં ભાગ લીધા બાદ ક્વોલિફાઇ થઇ છે. ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં ટીમો પોઇન્ટ માટે ચાર ટીમોના રાઉન્ડ રોબીન ગ્રુપમાં સ્પર્ધા કરશે. દરેક ગ્રુપમાં બે ટોપ ટીમ આગેકૂચ કરશે. જયારે ટોપ ચારની ત્રીજા સ્થાનની ટીમો પણ આગેકૂચ કરશે. નોકઆઉટ તબક્કામાં ૧૬ ટીમો પહોંચશે. વર્તમાન ફિફા-૧૭ વિશ્વ ચેમ્પિયન નાઈઝિરિયાને આ એડિશનમાં ક્વાલિફાઈ કરવામાં સફળતા મળી નથી. ક્વોલિફાઇ થવામાં નિષ્ફળ રહ્યા બાદ નાઈઝિરિયા વર્ષ ૨૦૦૯માં સ્વિત્ઝર્લેન્ડ બાદ વર્તમાન ચેમ્પિયન એન્ટ્રી કરવામાં નિષ્ફળ રહી હોવાની આ પ્રથમ ઘટના છે. યજમાન ભારત કોઇપણ વયના ગ્રુપમાં પ્રથમ વર્લ્ડકપમાં ભાગ લેનાર છે. ૨૦૧૭ ફિફા-૧૭ વર્લ્ડકપ માટે બિડ સુપરત કરવામાં આવ્યા હતા. ૨૮મી મે ૨૦૧૩ના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે, અજબબેજાન, ભારત, આયર્લેન્ડ અને ઉઝબેકિસ્તાન યજમાન અધિકાર માટે બિડ કરશે. પાંચમી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે, ભારતે યજમાન અધિકારો મેળવી લીધા છે. યજમાન તરીકે ભારતને સીધી એન્ટ્રી મળી છે. ભારતીય ટીમ નીચે મુજબ છે.

# રાજ્યમાં ૧૫૦+ના સંકલ્પ સાથે યુવા ભાજપની ટીમ દ્વારા પદયાત્રા યોજાઈ



હિતેન્દ્ર અગ્રવાલ

(પ્રતિનિધિ) અંબાજી

આગામી વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીયોની તૈયારીના ભાગ રૂપે આજે બનાસકાંઠા જિલ્લા ભાજપા યુવા મોરચા દ્વારા પ્રચાર માટે બીયુગલ ફૂંકી ઢોલ વગાડી દીધો છે બનાસકાંઠા જિલ્લા દ્વારા ગુજરાતમાં ભાજપ ૧૫૦+ના સંકલ્પ સાથે ૧૫૧ યુવા કાર્યકર્તા દ્વારા ૧૫૧ ગજ લાંબી ધ્વજા લઇ દાંતાથી અંબાજી પદયાત્રા યોજી હતી જેને ભાજપાના પ્રદેશ મહામંત્રી કેસી પટેલે આ યાત્રાને અંબાજી તરફ પ્રયાણ કરાવી હતી ને આ યાત્રા આજે બપોરે અંબાજી મંદિરે પહોંચી તમામ કાર્યકર્તા ઓએ ૧૫૦ કરતા વધુ બેઠકો ભાજપ ને મળે તે માટે પ્રાર્થના કરી હતી ને ધ્વજા ને પણ અંબાજી મંદિર ના સુવર્ણ શિખરે ચઢાવી સંકલ્પ ને સિદ્ધ કરવા કામે લાગ્યા હતા અને તેમાં પણ ખાસ કરી ને દાંતા વિધાન સભા ની બેઠક જે કોંગ્રેસ પાસે છે તેને ઝૂંટવી લઇ દાંતા ના કમળ ને ગાંધીનગર મોકલવાના તમામ પ્રયાસો હાથ ધરાશે તેમ પ્રદેશ મહામંત્રી કે સી પટેલે જણાવ્યું હતું

# રાહુલ આદિવાસી, ખેડૂત અને વેપારીઓની સાથે સંવાદ કરશે

### ૯થી ૧૧ ઓકટોબર દરમ્યાન રાહુલ ગાંધી મધ્ય ઝોનના આઠ જિલ્લાઓમાં ૫૦૦ કિલોમીટર પ્રવાસ કરવા તૈયાર

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૯મી ઓકટોબરે અમદાવાદના હાથીજણ સર્કલથી તેમના રોડ-શો મારફતે નવસર્જન યાત્રાનો પ્રારંભ કરશે અને ખાત્રજ ચોકડી ખાતે વિશાળ જનસભાને સંબોધન કરશે. રાહુલ ગાંધી તેમના બીજા તબક્કામાં તા.૯થી ૧૧ ઓકટોબર દરમ્યાન ત્રણ દિવસના ચૂંટણી પ્રવાસમાં મધ્યઝોનના આઠ જિલ્લાઓમાં ૫૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડશે. જે દરમ્યાન રાહુલ ગાંધી મોટી જાહેરસભાઓને સંબોધશે, સાથે સાથે ખેડૂતો, આદિવાસીઓ અને વેપારીઓ-યુનિયન લીડર્સ અને વિદ્યાર્થીઓ સાથે પણ સીધો સંવાદ કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાત્રજ ચોકડી જનસભા સંબોધ્યા બાદ નડિયાદ સંતરામ મંદિર ખાતે દર્શનાર્થે જશે. નડિયાદ ખાતે વિવિધ સમુદાયના લોકો સાથે મુલાકાત કરી સીધી ચર્ચા કરશે. નડિયાદથી પેટલાદ, બોરસદ, આંકલાવની મુલાકાત લઇ ત્યાં પણ રાહુલ ગાંધીનો રોડ-શો યોજાશે. તો, બોરસદ ખાતે રાહુલ ગાંધી સ્થાનિક અને ગ્રામીણ મહિલાઓ સાથે ખાસ સંવાદ અને વાતચીત કરશે. ત્યારબાદ રાહુલ ગાંધી વડોદરા જવા રવાના થશે. જયાં વેપારીઓ, ખેડૂતો, પ્રોફેશનલ્સ સહિતના લોકો સાથે રાહુલ ગાંધી સંવાદ યોજશે. વડોદરામાં રાત્રિ રોકાણ બાદ તા.૧૦મીએ રાહુલ વિદ્યાર્થીઓ સાથે ખાસ ચર્ચા કરશે. વડોદરાથી પાદરા, કરજણ, ડભોઇ, બોડેલી, પાવી જેતપુરમાં પણ રોડ શો અને જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા વિસ્થાપિતો સાથે પણ રાહુલ ગાંધી તેમની મુલાકાત દરમ્યાન ચર્ચા કરશે. છોટા ઉદેપુરમાં રાત્રિ રોકાણ કરી બોડેલીમાં જનસભા યોજશે. તા.૧૧મી ઓકટોબરે છોટાઉદેપુરથી દેવગઢ બારિયા તેઓ જશે. આ રૂટ પર લીમખેડા, ગોધરા, ફાગવેલામાં જાહેરસભાઓ પણ રાહુલ ગાંધી સંબોધશે. આ દરમ્યાન તેઓ આદિવાસી સ્કૂલના વિદ્યાર્થીઓને પણ રૂબરુ મળી ચર્ચા કરશે. રાહુલ ગાંધી તેમના બીજા ચરણના ચૂંટણી પ્રવાસમાં પણ મધ્ય ઝોનમાં શકય એટલા મહત્તમ મંદિરોની મુલાકાત લેશે. જેમાં રાહુલ ગાંધી પાવાગઢના મહાકાળી માં, ડાકોર રણછોડરાયજી, નડિયાદ સંતરામ મંદિર, ફાગવેલના ભાથીજી મહારાજ સહિતના મંદિરોમાં મુલાકાત લઇ દેવદર્શન કરશે. રાહુલ ગાંધીની ગુજરાતની ફરી ચૂંટણીલક્ષી મુલાકાતને લઇ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સૌરાષ્ટ્ર ઝોનમાં રાહુલ ગાંધીના ચૂંટણીપ્રવાસને મળેલી સફળતાની જેમ મધ્ય ઝોનમાં પણ આવી સફળતા હાંસલ થાય તે માટે કોંગ્રેસ ભારે કમર કસી રહી છે.

### ટિકિટવાંચ્છુ ઉમેદવારોને કોંગ્રેસપક્ષની મોટી રાહત

# કોંગ્રેસ દ્વારા ચૂંટણી માટેના ઉમેદવારોના માપદંડો દૂર

**બે ટર્મ ચૂંટણી હારી ચુકેલા, ૨૦ હજાર મતથી હારી ચુકેલ, ૭૦ વર્ષથી મોટી ઉમંરના ઉમેદવારો માટે માપદંડો દૂર**

અમદાવાદ

કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઇ તેના ઉમેદવારો માટેના જે માપદંડ-ક્રાયટેરિયા અગાઉ જે નક્કી કરાયા હતા, તે આખરે દૂર કરાયા છે, હટાવાયા છે. આમ કરી કોંગ્રેસ પક્ષ દ્વારા ટિકિટવાંચ્છુ ઉમેદવારોને બહુ મોટી રાહત આપવામાં આવી છે, જેને લઇ ઉમેદવારોમાં ખુશીની લાગણી ફેલાઇ છે. દિલ્હી ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની સાથે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોની મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરાયો હતો. બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને પ્રાધાન્યતાના ધારણે ટિકિટ આપવાનું પણ ઠરાવાયું હતું. ટૂંક સમયમાં જ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટી દ્વારા ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસના જે ૪૩ ધારાસભ્યો કે જેઓએ રાજયસભાની ચૂંટણી વખતે પક્ષ સાથે વફાદારી રાખી કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલને જીતાડયા હતા, તેઓએ ચિંતા કરવાની કોઇ જરૂર નથી. આ ૪૩ ધારાસભ્યોની સીધી ટિકિટ નક્કી જ છે એટલે કે, તેઓને રિપીટ કરાશે તેમાં કોઇ શંકા નથી. આ તમામ ધારાસભ્યો જીતે તેવા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉમેદવારોના મુદ્દે કેટલાક માપદંડો હતા તે આખરે દૂર કરાયા છે. જેમાં બે ટર્મ ચૂંટણી હારેલાને ટિકિટ નહી અપાય, ૨૦ હજાર મતોથી હારેલા ઉમેદવારોને ટિકિટ નહી અપાય, ૭૦ વર્ષથી મોટી ઉંમરના ઉમેદવારોને ટિકિટ નહી અપાય જેવા જે માપદંડો હતા તે પુખ્ત વિચારણાના અંતે દૂર કરાયા છે. કોંગ્રેસપક્ષ દ્વારા જે ઉમેદવારો જીતી શકે તેવા હશે તેવા તમામને કોઇપણ બાધ વિના ટિકિટની ફાળવણી કરવામાં આવશે. આગામી વિધાનસભા ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને પક્ષ દ્વારા પ્રાધાન્યતાના ધોરણે ટિકિટોની ફાળવણી કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં બે દિવસ સુધી કોંગ્રેસ પક્ષની સ્ક્રીનીગ કમીટીની બેઠકોનો દોર ચાલ્યો હતો અને સ્ક્રીનીંગ કમીટીના નેતાઓએ ગુજરાત કોંગ્રેસના ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ-આગેવાનોને સાંભળ્યા હતા. ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કોંગ્રેસના કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કયા મતવિસ્તારમાં કઇ જાતિનું વર્ચસ્વ છે અને ત્યાં કયા ઉમેદવારને વિજયી બનાવી શકાય સહિતના મુદ્દાઓ પર મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરાઇ હતી. જો કે, તમામ બેઠકોના નામો હજુ સુધી નક્કી થઇ શકયા નથી. અગાઉ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ તા.૩જી ઓકટોબર સુધી કોંગ્રસના ૯૦ ઉમેદવારોના નામો જાહેર કરવાની વાત ઉચ્ચારી હતી પરંતુ નામો પર મંજૂરીની મ્હોર નહી વાગતાં હજુ સુધી તેની કોઇ અધિકૃત જાહેરાત શકય બની નથી.

# મુડેઠા ગામે પાવર ગ્રીડ કંપની દ્વારા વળતર ન મળતાં ખેડૂતોમાં રોષ


સાદુલસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામ નજીક પાવર ગ્રીડ કંપની દ્વારા હેવી વિજ લાઈન પસાર કરવામાં આવી રહી છે. જે માટે ખેડૂતોના ખેતરમાં તોતીંગ ટાવર ઉભા કરવામાં આવી રહ્યા છે.જેમાં ખેડૂતોને નોટીસ આપ્યા બાદ તેમના બેન્કના ખાતામાં વળતર પેટે નાણાં જમા થતા હોય છે. બાદમાં બીજા ટાવરનું કામ થાય ત્યાં સુધી ખેડૂતો ખેતીકામ કરી શકે છે પરંતુ નોટીસ આપ્યાના ચાર મહિના બાદ પણ પૈસા જમા ન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે તેઓ ખેતી કામ પણ કરી શક્તા નથી જેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

## વધતી જતી ગુનાખોરીને ડામવા
# છાપી હાઈ - વે વિસ્તારને સીસીટીવી કેમેરાની તીસરી આંખથી સુજ્જ કરાશે

**છાપી પી.એસ.આઈ.અને વેપારીઓ વચ્ચે બેઠક યોજાઈ : હાઈ - વે ને લાઈટેક સીસીટીવી કેમેરાથી સજ્જ કરાશે**


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના વેપારી મથક છાપી પોલીસ મથકાના પી.એસ.આઈ એમ.એન. દેસાઈના અધ્યક્ષ સ્થાને બુધવારે છાપી હાઈવે ઉપર પોલીસ અને વેપારીઓ વચ્ચે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હાઈવે વિસ્તાર ઉપર અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવા સીસીટીવી કેમેરા લગાવવા વિસ્તાર પૂર્વક ચર્ચા કરવા સાથે ટ્રાફિકની સમસ્યા દુર કરવા રજૂઆત કરવામાં આવી હતી.

પ્રાપત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી છાપી હાઈવે વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિઓએ વેગ પકડયો હોવાનું જાણવા મળે છે. પંથકમાં ચોરી લૂંટ જેવા ગુનાઓ નિરંતર બનતા પોલીસ સતર્ક બની ગુનાઓ ડીટેકટ કરવા તજવિજ હાથ ધરી હોવા છતા ગુનાઓ ડીટેકટ ન થતાં પોલીસે વેપારી મિત્રોનો સાથ સહકાર માંગી લોક ભાગીદારી દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવા સાથે પાલનપુર - સિધ્ધપુર હાઈવે તેમજ પીરોજપુરા અને છાપી એપ્રોચ રોડ ઉપર હાઈરેન્જના કેમેરા લગાવવા માટે ચર્ચા હાથ ધરાઈ હતી દર્મયાન છાપી હાઈવે ઉપર ટ્રાફિક સમસ્યા દૂર કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી.પોલિસની રજૂઆતને વેપારીમિત્રો દ્વારા સ્વીકારી લોકફાળો એકત્રિત કરી ટુંક સમયમાં હાઈ - વે ઉપર સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં હાઈવે વેપારી એશોસીએશનના પ્રમુખ અબુબક્કરભાઈ પેલ, સુરેશભાઈ પ્રજાપતિ સમસુદીનભાઈ નેદરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આંગણવાડી કાર્યકરોની ફેરબદલી કરવાનો પુનઃ પરિપત્રનો અમલ કરાશે ખરા ?

**રાજ્ય સરકારને વારંવાર રજુઆત કરવા છતાય મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા નક્કર પરિણામ આવેલ નથી**

પ્રતિનિધિ ભીલડી

ગુજરાત રાજ્યમાં આંગણવાડી કાર્યકરોની ફેરબદલીની પુનઃ પરિપત્ર તા.૩/૧/૨૦૧૨ ના રોજ મહિલા અને બાળકલ્યાણ વિભાગ (આઈ.સી.ડી.એસ.) ના નાયબ સચિવ રાજેશ રાજ્યગુરૂની સહીથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં જે તે સમયે આંગણવાડી કાર્યકર તરીકે પોતાના પિયરમાં ફરજ બજાવતી હોઈ અનેક બહેનો નોકરી કરે છે. જેઓના લગ્ન કર્યા બાદ પોતાના સાસરીયામાં ખાલી જગ્યા પડી હોવા છતાંય અનુભવને પ્રાધાન્ય આપવામાં આવતું નથી.

કોઈ બહેનોને વય મર્યાદાઓ નડે છે અને આવી અનેક બહેનોને પોતાને સાસરેથી પિયરમાં અપડાઉન કરે છે. આવી કાળઝાળ મોંઘવારીમાં નજીવા (આઈ.સી. ડી.એસ.) વિભાગના અનેક મહિલા અને બાળ કલ્યાણ (આઈ.સી. ડી.એસ) વિભાગમાં અનેક વાર રજુઆત કરવા છતાંય કોઈ પરિણામ આવ્યું નથી. જો આંગણવાડી કાર્યકરોના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં નહિ આવે તો આગામી વિધાનસભાની ચૂંટણીમાં આંગણવાડી કાર્યકરો ઘેર ઘેર જઈને ભાજપ સરકારની વિરૂધ્ધમાં મતદાન કરવાની ફરજ પડશે. તેવી ચિમકી ઉચ્ચારી છે.

આ અંગે મહિલા અને બાળ કલ્યાણ (આઈ.સી. ડી.એસ) વિભાગના એક અધિકારીને નામ ન આપવાની શરતે જણાવ્યું હતુ કે મહિલા અને બાળ કલ્યાણ (આઈ.સી. ડી.એસ) વિભાગના મંત્રી સુચના ન આપે ત્યાં સુધી અમો કંઈ કરી શકવાના નથી અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક નં. ૧૦/૨૦૦૯, ૬૫૫૨(બ) તા. ૩૧/૧/૨૦૧૨ થી આંગણવાડી કાર્યકરો અને તેડાગરોનો બદલી અંગેનો ઠરાવ કરેલ હતો. પરંતુ રાજ્ય સરકારે તેઓના ઠરાવ મહિલા અને બાળ કલ્યાણ આઈ.સી.ડી. એસ. વિભાગ દ્વારા ૧૦/૨૦૦૯, ૬૫૫૨ (બ) તા. ૭/૨/૨૦૧૨ થી બીજી સુચના ન મળે ત્યાં સુધી અમલ ન કરવા અંગેનો કરેલ છે.

જે ઠરાવ અંગે આંગણવાડીના કાર્યકરોએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારની તિજોરી ઉપર કોઈ બોજા પડતો નથી. છતાંય આ નિર્ણય લેવાતો નથી. ત્યારે સત્વરે ફેરબદલીનો પુનઃ પરિપત્ર અમલ થયા તેવી માંગ ઉઠી છે.

# શિહોરી ગાયમાતાનો મેળો તથા ગરબાની પૂર્ણાહુતિ


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

શિહોરીમાં વિશ્વ વિખ્યાત ગૌ માતાનું મંદિર આવેલ છે જ્યાં ગાયમાતાએ જીવતા સમાધી લીધી હતી ત્યાં આસો સુદ ૧૧ થી ૧૫ સુધી રાત્રી દરમ્યાન ભવ્ય લોકમેળો તેમજ રાસ ગરબા યોજાય છે. જેથી તા.૫/૧૦/૧૭ ના રોજ ગૌ માતાના મંદિરે હવન યોજાયો હતો જેમા શિહોરી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમાં થળી જગ્યાના મહંતશ્રી જગદીશપુરીએ પણ વિશેષ હાજરી આપી હતી આમ શિહોરીના પ્રખ્યાત ગૌમાતાના મંદિરે રાત્રીનો લોકમેળો તેમજ રાસ ગરબાની પૂર્ણાહુતિ થયેલ આ મેળામાં ગૌ માતા મંડળ તેમજ શિહોરી ગ્રામજનો અને પોલીસ સ્ટાફે સારી કામગીરી કરી હતી.

# ડીસામાં માળી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ડીસાના કાંટ રોડ પર આવેલી મહાત્મા જ્યોતિરાવ ફૂલે એજ્યુકેશન ટ્રસ્ટ શ્રી ગોરધનજી ગીગાજી માળી વિદ્યા સંકુલમાં સોમવારે માળી સમાજ શૈક્ષણિક વિકાસ મંડળ બનાસકાંઠા દ્વારા નવી નિમણુંક પામેલા સરકારી કર્મચારીઓ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સીસોદરાના ગૌભક્ત સંત છોગારામજી બાપએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જેમાં ઉંચી ટકાવારી લાવનાર તેજસ્વી તારલાઓ અને નવી નિમણુંક પામેલા સરકારી જ્યારે ઈનામ અને ભોજનના દાતા ગીગાજી સવાજી માળી પરિવાર અને ફુલચંદભાઈ દેવચંદભાઈ માળી, ભુપેન્દ્રભાઈ મોહનલાલ પઢિયાર (મેગનમ ઈરીગેશન - માલગઢ), અશોકભાઈ બાબુજી ગેલોત (ગણપતિ રેડીમેડ શો-રૂમ- ડીસા), હંસરાજભાઈ કપુરજી ગેલોત (એચ.કે.), દરગાજી વંસાજી સાંખલા, પ્રકાશકુમાર ફુલાજી ટાંક(કેતન બેટરી), ભીમાજી કસનાજી ટાંક (વી. એકાઉન્ટ- ડીસા), કાળુભાઈ તારાજી માળી (ઉમીયા સ્વીટ-ડીસા) તરફથી આયોજન કરાયું હતું. આ પ્રસંગે સુરેન્દ્રનગરના નાયબ કલેક્ટર દલપતભાઈ બી.ટાંક, દિયોદરના પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, નવિનભાઈ ટાંક, ટ્રસ્ટના પ્રમુખ બાબુલાલ માળી, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનલાલ માળી, પૂર્વ ખજાનચી બનાસકાંઠા જિલ્લા ભાજપ ખેતાજી માળી, હિંમતનગરના ચીફ ઓફિસર પાંચાભાઈ વી.માળી, આર.ટી.ઓ. રાજપીપળા પંકજકુમાર આર. પઢિયાર, ગાંધનીગર પી.એસ. આઈ. મુકેશભાઈ માળી, નડીયાદ નાયબ મામલતદાર સલોનીબેન બી. માળી,

અનુસંધાન પાના નં.૬

# થરા પ્રાથમિક શાળા નં.૨ ના શિક્ષકનો વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગર પાલીકા વિસ્તારમાં જુનાગામ તળના પાદરે આવેલ થરા પ્રાથમિક શાળા નં.૨ માં છેલ્લા ચૌદ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા અમૃતભાઈ આર. પરમાર વય નિવૃત થતાં શાળા - સ્ટાફ પરિવાર દ્વારા પરમારનો વિદાય - શુભેચ્છા સમારોહ તા.૫/૧૦/૨૦૧૭ને ગુરૂવારના રોજ થરા રામાપીર મંદિર સામે, પ્રાથમિક શાળા નં.૨ ની બાજુમાં આવેલ થરા જૈન દાદાવાડી હોલ ખાતે ભાભર ટી.પી.ઓ. એન.બી. કાપડી, માજી.સરપંચ ચંદ્રસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ, સોઢા, જિલ્લા પોલીસ સલાહકાર સમિતિના સભ્ય પૃથ્વીરાજસિંહ વાઘેલા, ગ્રા.ગૃ.નિ.બોર્ડના ડીરેક્ટર અચરતલાલ ઠક્કર, યશપાલસિંહ વાઘેલા જીતુભાઈ ધાણધારા (દાદાવાડી) પાલીકા કોર્પો. ફકીરમહંમદ સાચોરા, રાકેશભાઈ ધાણધારા, મમતાબેન તેરવાડીયા, મગનભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પટેલ, અલ્પેશભાઈ શેઠ, રમણભાઈ પટેલ, બી.આર.સી. જલાભાઈ દેસાઈ, સી.આર.સી. કરશનભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પ્રતાપજી ઠાકોર, બાબુભાઈ દેસાઈ, ચેહરાભાઈ ગુર્જર, સોમાભાઈ પંચાલ ગોમતીબેન પટેલ, પાર્વતીબેન પટેલ, રમેશભાઈ પટેલ, અજીતભાઈ શાહ, રમેશભાઈ ત્રિવેદી, નરેન્દ્રસિંહ વાઘેલા, પ્રધાનજી ઠાકોર, જગદીશભાઈ જોષી, વિરભાણભાઈ જોષી, પ્રહલાદભાઈ આચાર્ય, કુલદિપભાઈ ઠક્કર, પોપટભાઈ પંચાલ, સુંડાભાઈ દેસાઈ, વિરભાણભાઈ કળોતરા, મંગળભાઈ પરમાર, મનસુખભાઈ મોચી (સુરત), ભીખાભાઈ મોચી (ભાભર) તથા આજુબાજુની શાળાના આચાર્ય, નગરના વાલીગણ, શુભેચ્છક મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી. સ્વાગત પ્રવચન આચાર્ય પ્રહલાદભાઈ આચાર્યએ શબ્દપુષ્પથી કરેલ, કાર્યક્રમનું સંચાલન ડો.કુલદીપભાઈ ઠક્કર તથા આભાર વિધિ સુંડાભાઈ દેસાઈએ કરી હતી.

## શરદપૂનમ નિમિતે...
# ભીલડી પોલીસ સ્ટેશનમાં યજ્ઞ યોજાયો


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી પોલીસ સ્ટેશનમાં પૌરાણીક ગોગા મહારાજનું સ્થાનક આવેલ છે. જેમાં પોલીસ પરિવાર દ્વારા જીર્ણોધ્ધાર કરીને ભવ્ય મંદિર બનાવેલ છે.

જ્યાં દર સાલે પોલીસ પરિવાર દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યજ્ઞમાં બેસવાનો લાભ પોલીસ કોસ્ટેબલ અર્જુભાઈ ચૌધરી પરિવારે લીધેલ હતો અને યજ્ઞના શાસ્ત્રી તરીકે લાલજીભાઈ (હનુમાન મંદિરના પુજારી) એ શાસ્ત્રો કતવિધિ દ્વારા યજ્ઞમાં આહુતિ અપાવી હતી.

આ પ્રસંગે નવી ભીલડી સરપંચ મહેશભાઈ મોદી, રઘુભાઈ રાજગોર (નેતાજી) સરૂપજી ઠાકોર, કંચનજી આર.ઠાકોર સુરેશભાઈ સિલ્વા (મંત્રી) પી.એસ.આઈ. બી.એન.મોઢવાડીયા વગેરે પોલીસ પરિવાર તથા તમામ સ્ટાફ ગણે હાજર રહીને ભોજનપ્રસાદનો લાભ લીધો હતો જ્યારે ગોગા બાપજીના પુજારી મહેશભાઈ જોષીએ હાજર રહેલ મહેમાનોને કુમકુમ તિલક કરીને સ્વાગત કર્યુ હતું. ભીલડી રામ સેવા સમિતના સભ્યો અને ભીલડી ઠાકોર સેના કાર્યકરોએ પણ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

# વગતુબા ડાભી જ્યોતિ વિકાસ મંચ, બનાસકાંઠા દ્વારા ગાંધી જયંતિની ઉજવણી

ડીસા

૨જી ઓક્ટોબર સત્ય અને અહીંસાના માર્ગ ચાલી દેશ અને દુનિયાને નવો માર્ગ ચિંધનાર ભારતના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી ની ૧૪૮ મી જન્મ જયંતી ડીસા ખાતે ઉજવવામાં આવી. આ પ્રસંગે મંચના પ્રેરક અને જાવલ પ્રા.શાળાના આચાર્ય આઈ.સી.ડાભી, ધુળિયા વલમાબેન ડાહ્યાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, પાલનપુરના મેનેજિંગ ટ્રસ્ટી મહાદેવભાઈ ડી. ચૌધરી, જગશીભાઈ આર. પુનડિયા (એગ્રીકલ્ચર ઑફિસર), સંજયભાઈ પરમાર (બી.એસ. ઍફ.જવાન) ડી.કે.ચૌહાણ, ગાયક હિતુરાજ ચૌહાણ, શાન્તિભાઈ ડાભી (ઝેરડા) તથા કોલેજના વિદ્યાર્થીઓ વગરેની ઉપસ્થિતિમાં બાપુની પ્રતિમાને સુતરની આટી તથા ફૂલહારથી શ્રદ્ધા સુમન અર્પણ કરી બાપુના કાર્યોને આગળ વધારવા પ્રતિજ્ઞા લેવામાં આવી.

# થરા નિલકંઠ મહાદેવ -બહુચરાજી મંદિરે શરદપૂર્ણિમાંનો હવન યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગરમાં માર્કેટયાર્ડ પાસે તાણા રોડ પર આવેલ નિલકંઠ મહાદેવ - બહુચરાજી મંદિર ખાતે વર્ષોની પરંપરા મુજબ નવલા નોરતામાં માં બહુચરાજીના સાનિધ્યમાં ગરબા કાર્યક્રમ યોજાય છે ો નિવિઘ્ને નવ દિવસ માંના ચાચર ચોકમાં ગરબા થયા બાદ શરદ પૂનમે હવન યોજાય છે ગઈકાલે શરાદ પૂનમ નિમિતે નિલકંઠ મહાદેવ - બહુચરાજી મંદિર ખાતે હવન યોજાયો.

# ડીસામાં મેલડી માતાના મંદિરે ગરબા યોજાયા



ડીસાના રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ મેલડી માતાજી મંદિર શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે જયાં મદિરના ભુવા શિવાભાઈ ઠાકોર દ્વારા અવારનવાર તહેવારોમાં વિવિધ કાર્યક્રમો યોજાય છે ત્યારે બુધવારે આસો સુદ ચૌદશના દિવસે ગરબા મહોત્સવનું આયોજન કરાયું હતું જે પ્રસંગે ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ મેલડી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અને મંદિરમાં રૂા.૫૧૦૦ નું ધન આપ્યું હતું.

# સહયોગ સેવા ટ્રસ્ટ (ડીસા) દ્વારા ગાંધીજયંતિની અનોખી ઉજવણી

ડીસા

ડીસાની જાણીતી સામાજીક સંસ્થા સહયોગ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીજયંતિના દિવસે વાલ્મીકી વાસ (જુની પોલીસ લાઈન- ડીસા) ખાતે વાલ્મીકી સમાજના વિશાળ સમુહમાં ઉપસ્થિત ભાઈઓ બહેનો અને વડીલોની પ્રેરક ઉપસ્થિતિ સંસ્થાના પ્રમુખ પ્રહલાદભાઈ ઠક્કરે સમાજમાં પ્રવર્તતા કુરીવાજા વ્યસનોથી થતા વ્યાપક નુકશાન, સ્વચ્છતા અને ખાસ શિક્ષણ ઉપર વિસ્તૃત રીતે મનનીય પ્રવચન અને સમજણ આપેલ. ઉપસ્થિત સૌએ સહર્ષ આ વાતને તાળીઓથી વધાવી લીધેલ. આ કાર્યક્રમમાં કિશોરભાઈ ચૌહાણ, બળવંતભાઈ ઠાકોર (ધરપડા), ચંદુભાઈ એ.ટી.ડી., લાયન્સ પ્રમુખ હિતેષભાઈ સોની અને મંત્રી નરેન્દ્રભાઈ ઠક્કર, જગદીશભાઈ વાઘેલા, હિતેષભાઈ જાદવ, પાર્થ પી. ઠક્કર સહિત અગ્રણી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

વાલ્મીકી સમાજના કિશોરભાઈ ચૌહાણ, ગાયક જીતુભાઈ ચૌહાણ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર દિકરીઓ રાજેશ્વરી બેન ઘટાડ અને ભાગ્યશ્રીબેન ઘટાડનું મોમેન્ટો શાલ અને પુષ્પગુચ્છ આપી સમુહમાં અભિવાદન કરાયું હતું.

# થરાદમાં આસોતરાના મહંતનો ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રાજસ્થાનના બ્રહ્મધામ આસોતરાના મહંતશ્રી પરમપુજ્ય તુલશારામજી મહારાજ ચાર્તુમાસ તથા ચારધામની યાત્રા પુર્ણ કરી થરાદ આનંદપ્રકાશ બોડ'ગ ખાતે પધાર્યા હતા. જ્યાં થરાદ સંસ્થાના પ્રમુખ ભગવાનભાઈ જોષી તથા બ્રહ્મસમાજના અગ્રણીઓ અમીરામભાઈ જોષી, દિનેશભાઈ પુરોહીત, જયરામભાઈ જોષી, શંકરલાલ ભાપડીયા, રવજીભાઈ દવે, કે.એન.જોષી, મયારામભાઈ રાજગોર સહીત કેળવણી મંડળના બ્રહ્મબંધુઓએ મહંતનું ફુલહારથી ભવ્ય સન્માન સ્વાગત કર્યુ હતું. તેમજ રાત્રે સંતવાણી તથા ભોજનપ્રસાદ કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું. ભોજનદાતાનો લાભ માધુભાઈ પુરોહીત (આજાવાડા) એ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ પુરોહીતે કર્યુ હતું. બહોળી સંખ્યામાં સમાજ બંધુઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગૌ મંત્રાલયની રચના માટે મોદી સમક્ષ કથીરિયાની રજૂઆત

## પત્ર લખી કરી મંત્રાલયની માંગણી

અમદાવાદ

ગૌરક્ષાની માંગણીઓમાં વધુ એક માંગણી સામેલ કરવામાં આવી છે. ગુજરતા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના ચેરમેન અને પૂર્વ કેન્દ્રિય મંત્રી વલ્લભ કથીરીયા ભ્પ્ મોદીને ગયા મહિને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે કેન્દ્રીય સ્તરે 'ગૌ મંત્રાલય' બનાવવા માટે રજૂઆત કરી હતી.

કથીરીયાએ તો આ બાબતે ર્ભ્ને પત્ર પણ લખ્યો હતો જેમાં તેમણે લખ્યું હતું કે, 'કેન્દ્રીય સ્તરે ગૌ મંત્રાલયની સ્થાપના થવી જોઈએ. તેમજ સુપરવાઈઝરી મિકેનિઝમ દ્વારા ગૌવંશનું ગેરકાયદેસર સ્થળાંતર રોકવામાં આવે. ગૌવંશની હત્યા વિરુદ્ધ કાયદો લાવવામાં આવે.'

ગૌવંશના સંરક્ષણ માટે કથીરીયાએ કેન્દ્ર અને રાજય સ્તરે કામધેનું વિશ્વ વિદ્યાલય બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી. તેમજ ગાયની દેશી જાતને પ્રોત્સાહન આપવા માટે યુનિફોર્મ પોલિસી બનાવાય તેવી માંગણી પણ કરી હતી. આ સિવાય ગૌમાતાને રાષ્ટ્રીય ધરોહર જાહેર કરવા અંગે તેમજ ગુજરાતની જેમ જ ગૌચર વિકાસ આખા દેશમાં કરવા અંગે પણ તેમણે રજૂઆત કરી હતી. ગામડાંમા રહેતા દરેક પરિવારને તેમના ગુજરાન માટે એક ગાય આપવામાં આવે.

કથીરીયાએ પીએમ સાથેની વાતચીત અંગે તેમણે જણાવ્યું હતું કે, 'જયારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા

અનુસંધાન પાના નં.૬

# ભીલડી રોટરી સેવાદળ દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે

પ્રતિ. ભીલડી

ભીલડી રોટરી સેવાદળ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના પ્રતિતિરૂપે આગામી તા.૮/૧૦/૨૦૧૭ રવિવારના રોજ પેપળુ પ્રા.શાળામાં રક્તદાન કેમ્પ રાખવામાં આવેલ છે. તો રક્તદાતાઓએ વધુમાં વધુ રક્તદાન કરવા એક અખબારી યાદીમાં પ્રમુખ જામનદાસ માહેશ્વરી તથા મંત્રી અશોકભાઈ પટેલે જણાવ્યુ હતું.

## ૨૪ વર્ષ બાદ દાઉદ કાવતરા ઘડી રહ્યો છે
# ફરી વખત મુંબઇ બ્લાસ્ટને દોહરાવવા દાઉદની તૈયારી

**ડોન દાઉદના કાવતરાના મામલે કેન્દ્ર સરકારને પણ જાણ કરી દેવામાં આવી : વાતચીત ઇન્ટરસેપ્ટ થતા સાવધાની**

મુંબઈ

વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમ ૨૪ વર્ષ બાદ ફરી એકવાર બ્લાસ્ટને દોહરાવવાની તૈયારી કરી રહ્યો હોવાની ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. મુંબઇ પોલીસે પાકિસ્તાનમાં રહેતા દાઉદના ભાઇ અને બારતમાં તેના સાગરીતોની વાતચીતને ઇન્ટરસેપ્ટ કરી લીધી છે. દાઉદના આ ખતરનાક કાવતરાના સંબંધમાં કેન્દ્ર સરકારને પણ જાણ કરી દેવામાં આવી છે. દાઉદના આ ઈરાદાથી સાફ થઇ જાય છે કે ભારતના સૌથી પ્રભાવશાળી અને શક્તિશાળી જગ્યાએ પર તેના લોકો હજુ પણ છે. આવી સ્થિતીમાં દાઉદ આ લોકોને પકડી પાડવા માટે પોલીસ અને કેન્દ્રિય તપાસ સંસ્થાઓની સામે પડકારો વધી જાય છે. એક ટીવી ચેનલના હેવાલમાં આ ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભાગેડુ દાઉદ અને તેની કંપનીના કેટલાક લોકો હજુ પણ ભારતમાં બેસીને પોતાના ઈરાદાને પાર પાડવા માટેની યોજના બનાવતા રહે છે. હાલમાં પણ આ લોકો કાવતરા ઘડી કાઢવામાં લાગેલા છે. આવી સ્થિતિમાં મુંબઈ પોલીસ દ્વારા દાઉદના પાકિસ્તાનમાં રહેલા બાઈ અને ભારતમાં તેના લોકો વચ્ચે થયેલી વાતચીત ટેપ કરી લેવામાં આવી છે. આ વાતચીતને ટેપ કરવામાં આવ્યા બાદ દાઉદના મોટા કાવતરાનો પર્દાફાશ થઇ ગયો છે. આ વાતચીતમાં મુંબઈ પોલીસને કેટલીક ઉપયોગી માહિતી હાથ લાગી છે.

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**દુ:ખમાં ધીરજનું દામન ન છોડો, અંધારી રાતનો ક્યારેક તો અંત હોય જ છે.**

# તકેદારીના અભાવે શ્રીનગરમાં બીએસએફના કેમ્પ પર હુમલો

જમ્મુ કાશ્મીરમાં બીએસએફ કેમ્પ પર વારંવાર આતંકી હુમલા થયા કરે છે. ભારતીય સૈનિકો સજ્જ હોવા છતાં આતંકીઓ જે આતંક મચાવી રહ્યા છે. ત્યારે આ સંદર્ભે ભારતીય કમાન્ડોએ ખુબ જ કડક વલણ અપનાવવાની જરૂર જણાય છે. જો કે હમણા ઉચ્ચ સુરક્ષા ધરાવતો શ્રીનગરના એરપોર્ટ નજીક આવેલા બીએસએફ કેમ્પ પર પઠાણકોટ જેવો હુમલો કરવાના આતંકવાદીઓના પ્રયાસને સુરક્ષા દળોએ નિષ્ફળ બનાવતા આતંકીઓ સાથે અથડામણ થતાં બીએસએફના એક આસિસ્ટટન્ટ સબઈન્સ્પેક્ટર શહીદ થયા છે. ગંભીર બાબત કહી શકાય. જો કે વળતા જવાબમાં ભારતીય સુરક્ષા દળોએ ત્રણ આતંકી ઠાર કર્યા જેની લાશ લેવા પણ કોઈ આતંકી ઉભા રહ્યા ન હતા. સદર હુમલાની જવાબદારી પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ- મોહમ્મદે લીધી છે.

ગત મંગળવારે વહેલી સવારે આતંકીઓ અંધારાનો લાભ ઉઠાવીને બીએસએફના કેમ્પમાં ઘુસવામાં સફળ થયા હતા. આશ્ચર્યની વાત એ છે કે અત્યંત સુરક્ષિત મનાતા એરપોર્ટ નજીકના કેમ્પમાં સેનાની ચક્રવ્યુહ ભેદવામાં આતંકીઓ સફળ કેવી રીતે થયા હશે? ખરેખર તો કેમ્પની બહાર તકેદારીના અભાવે કેમ્પ પર હુમલો થયો હશે તેવું ચોક્કસ માની શકાય. કેમ્પ આસપાસ ચાર સ્તરની સુરક્ષા હોવા છતાં આતંકીઓ કેમ્પ સુધી કેવી રીતે પહોંચ્યા હશે? કહેવાય છે કે એડમિનિસ્ટ્રેશન બ્લોક સુધી બહારની વ્યક્તિને પહોંચવું મુશ્કેલ હોય છે. ત્યારે એમ જ માની શકાય કે સુરક્ષાની જવાબદારી સંભાળતો કેમ્પ પોતે જ સુરક્ષિત નથી. આ બાબતે સંરક્ષણ વિભાગ દ્વારા તપાસ જરૂરી બને છે. કેમ કે આતંકીઓ શસ્ત્રો સાથે કેમ્પમાં પહોંચ્યા હતા. ત્યારે કોઈ ભારતીય સૈનિકો ત્યાં ફરજ પર હશે નહિં.. આ રીતે લોલમલોલ ચાલી શકે નહિં. ગૃહ વિભાગે બીએસએફના મુખ્ય કમાન્ડો પાસે જવાબ માગવો જોઈએ.

જમ્મુ-કાશ્મીરમાં બીએસએફના જયાં ત્યાં કેમ્પ છે. ત્યાં કઈ રીતની તકેદારી રખાય છે. તેનો અહેવાલ પણ તૈયાર થવો જોઈએ અને સરકારે બેજવાબદાર કમાન્ડો સામે પગલાં ભરવા જોઈએ.

વળી આશ્ચર્યની વાત એ છે કે શ્રીનગરમાં બી.એસ.એફ.ના કેમ્પ પર આતંકી હુમલાને નિષ્ફળ બનાવ્યો તે બદલ ગૃહમંત્રી રાજનાથસિંહે સુરક્ષા દળોને અભિનંદન અપ્યાં. પરંતુ આતંકીઓ સાથેની અથડામણમાં બીએસએફના આસિ. સબ ઈન્સપેક્ટર શહીદ થયા તેનું શું? ખરેખર તો આ હુમલા માટે આતંકીઓએ ભારે કિંમત ચુકવવી પડશે તે વાત ચોક્કસ છે. આમ જોવા જઈએ તો આંતરે દિવસે એક- બે ભારતીય જવાન શહીદ થતા રહ્યા છે. ત્યારે તકેદારી માટે હવે વ્યુહાત્મક નીતિ ઘડાવી જોઈએ. વળી ટોચના અધિકારીનું એવું કહેવું છે કે આતંકી સંગઠન જૈશ એ મોહંમ્મદના ત્રણ આતંકવાદીઓ એક મહિના પહેલા પૂંછ ખાતેની એલઓસી પાર કરીને ભારતમાં ઘુસ્યા હોવાની સંભાવના છે. આતંકવાદીઓ પહાડોમાં સંતાઈને રહેતા હતા. જો કે હાલમાં પુંછ, અને રાજોરી સહિતના વિસ્તારોમાં વધારાની ચોકીઓનું નિર્માણ કર્યા વિના છુટકો નથી.

જનરલ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

## જનરલ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનું પ્રારંભિક ભરણું ૧૧ ઓક્ટો.ના રોજ, રૂ. પાંચના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર માટે રૂ. ૮૫૫થી રૂ. ૯૧૨ના પ્રાઈસ બેન્ડમાં ખુલશે



અમદાવાદ

જનરલ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (''કંપની''/ ''કોર્પોરેશન'') એનું પ્રારંભિક જાહેર ભરણું (''આઈપીઓ'' અથવા ''ઓફર'') લોન્ચ કરશે. જે ૧૧ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૩ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ બંધ થશે, જેમાં કંપનીના રૂ. પાંચની ફેસવેલ્યુના પ્રત્યેક ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર્સ'') માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૮૫૫થી રૂ. ૯૧૨ રહેશે. આઈપીઓમાં કોર્પોરેશનની ૧,૭૨,૦૦,૦૦૦ નવા ઈક્વિટી શેર (''ફ્રેશ ઈશ્યુ'') અને અમારા પ્રમોટર (''સેલિંગ શેરહોલ્ડર'')ની ૧૦,૭૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ (''ઓફર ફોર સેલ'') સામેલ છે. ઓફરમાં રૂ. ૧૧,૬૮,૦૦,૦૦૦ સુધી માટેની લાયક કર્મચારીઓ માટેનો સબસ્ક્રિપ્શન માટેનો અનામત હિસ્સો (''વ્યાખ્યાઓ અને સંક્ષેપાક્ષર''માં જણાવ્યા પ્રમાણે) સામેલ છે. ઓફર ભરણા પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના ૧૪.૨૨% શેર્સ માટે છે.નાના રોકાણકારો (''રિટેલ ડિસ્કાઉન્ટ'') અને લાયક કર્મચારીઓ (નીચે જણાવ્યા મુજબ)ને કર્મચારીઓના અનામત હિસ્સા (જો કોઈ હોય તો)માં (''કર્મચારીઓનું ડિસ્કાઉન્ટ'') રૂ. ૪૫નું ડિસ્કાઉન્ટ ઓફર પ્રાઈસ પર આપવામાં આવશે.નવા ઈશ્યુ થકી ઊભા થનારા ભંડોળનો ઉપયોગ કંપની ( ) વેપાર વિકસાવવા તથા વર્તમાન સાંપત્તિક સદ્ધરતા જાળવી રાખવાને કંપનીના મૂડીના પાયાને સશક્ત કરવા માટે; અને ( ) સામાન્ય કોર્પોરેટ બાબતો માટે, પ્રર્વતમાન કાયદાને અનુસરીને, કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. આ ઓફર બુક બિલ્ડિંગ પ્રક્રિયા હેઠળ, સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ (નિયમનો) કાયદા, ૧૯૫૭, સુધારાઓ સહ (''એસસીઆરઆર'')ના નિયમ ૧૯(૨)( ) અંતર્ગત કરવામાં આવી રહી છે, જેમાં કોર્પોરેશનના ભરણા પછીના ઈક્વિટી શેર કેપિટલનો કમ સે કમ ૧૦% હિસ્સો જનતાને ઓફર કરવામાં આવી રહ્યો છે.આ ઓફર બુક બિલ્ડિંગ પ્રક્રિયા હેઠળ કરવામાં આવી રહી છે જેમાં નેટઈશ્યુનો ૫૦%થી વધુ નહીં તેટલો હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (''ક્યુઆઈબીઝ'')ને (''ક્યુઆઈબી હિસ્સો'') પ્રમાણસર ફાળવવા માટેઉપલબ્ધ કરાવવામાં આવશે. ક્યુઆઈબી હિસ્સાના પાંચ ટકા મ્યુચ્યુઅલ ફંડ્સને જ પ્રમાણસર ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને બાકીના ક્યુઆઈબીનો હિસ્સો, મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત, તમામ ક્યુઆઈબી બિડર્સને ફાળવવા માટે એ શરતે ઉપલબ્ધ રહેશે કે તેમની પાસેથી ઓફર પ્રાઈસ અથવા તેથી વધુ કિંમતની અરજીઓ મળે.

## જાયન્ટસ દ્વારા હેટ્રીક હાંસલ કરાઈ

**કોચ મનપ્રીત સિંઘના શિષ્યોએ પાટનગરની ટીમને ૪૨-૨૨થી પરાજીત કરી**



દબંગ દિલ્હી સામેની મેચની આગલી સાંજે ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની ટીમમાં આત્મવિશ્વાસ પૂરતાં કોચ મનપ્રીતસિંઘે ખેલાડીએને કહ્યું કે આપણે આ વખતે મિરાજ શેખની ટીમને હરાવીને હેટ્રીક પૂરી કરવાની છે.એ પછી મંગળવારે ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની ટીમે અદભૂત દેખાવ કર્યો અને તેમણે દબંગ દિલ્હીની ટીમનેહરાવીને તેમના કોચના આત્મવિશ્વાસને સાચો ઠેરવ્યો અને વીવો પ્રો-કબ્બડ્ડી લીગની સીઝન પાંચના ઝોન-એ ના પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું. એકતરફી મેચમાં ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ દ્વાર દબંગ દિલ્હીને ૪૨- ૨૨ પોઈન્ટથી કચડી નાખવામાં આવ્યું હતું અને ૧૮ મેચમાં ૬૭ પોઈન્ટ સાથે ઝોન –એ માં મોખરાનું સ્થાન જાળવી રાખવામાં આવ્યું હતું. આ તબક્કે ગુજરાત ફોરચ્યુન જાયન્ટસનું પ્લે ઓફ તબક્કામાં પહોંચવાનું નિશ્ચિત મનાય છે. યુવાન રેઈડીંગ મશીન સચીન તનવર દ્વારા વધુ એક વાર સુપર ટેનનો સ્કોર કરવામાં આવ્યો હતો,જ્યારે ચંદ્રન રજનીથ અને રાકેશ નરવાલે અનુક્રમે ૯ અને ૬ પોઈન્ટ મેળવ્યા હતા. જાયન્ટસનું મેચમાં એટલું બધુ પ્રભુત્વ જળવાઈ રહ્યું હતું કે મેચની ૩૬મી મિનિટે કોચ મનપ્રીતે પાંચ જેટલા અવેજી ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા. એ સમયે ગુજરાતની ટીમ ૪૧-૧૮ પોઈન્ટથી આગળ હતી.

જાયન્ટસનાડિફેન્સમાં સુનિલ કુમારે રંગ રાખ્યો હતો. તે સુપર -૫ ટેકલ સાથે પરત આવ્યા હતા. મેચની શરૂઆતથી જ ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ દ્વારા તેમનો ઈરાદો સ્પષ્ટ કરી દેવામાં આવ્યો હતો.

તેમણે દિલ્હીને બે વાર ઓલઆઉટ કરી દીધુ હતું. હાફ ટાઈમની વ્હીસલ વખતે જાયન્ટસ, ૨૭-૯ના સ્કોર સાથે ૧૮ પોઈન્ટની લીડ સાથે આગળ હતા. જાયન્ટસના કોચ મનપ્રીત સિંઘે શરૂઆતની ૭ની ટીમમાં રેઈડર નરવાલને મેદાનમાં ઉતારી દબંગની ટીમને અચરજમાં નાખી દીધી હતી. નરવાલે તેમને નારાજ કર્યા ન હતા અને એક્રોબેટીક કીક દ્વારા મિરાજ શેખને આઉટ કરવા સહિત કુલ ૬ પોઈન્ટ મેળવ્યા હતા. ગુજરાત ફોરચ્ન જાયન્ટસે પ્રથમ હાફમાં જ ૧૭ રેઈડ પોઈન્ટ મેળવી લીધા હતા.

ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ હવે તા. ૬ ઓકટોબરના રોજ પીંક પેન્થર્સ સામે મેદાનમાં ઉતરવા જયપુર જશે.

## ગુજરાતમાં સનહાર્ટ સિરામીકે પોતાની ઉપસ્થિતિ મજબૂત કરી પાલનપુરમાં એક્સ્લુઝિવ ફ્રેન્ચાઈઝ શોરૂમનો પ્રારંભ




પાલનપુર

પાલનપુરમાં આજે દેશના સૌથી વિશાળ ટાઈલ્સ મેન્યુફેક્ચરર્સમાંના એક સનહાર્ટ સિરામીકના ખાસ ફ્રેન્ચાઈઝી શોરૂમ 'સનહાર્ટ ગેલેરિયા'નો પ્રારંભ સ્વસ્તિક ટાઈલ્સ (મેનેજિંગ પાર્ટનર્સ - કલ્પેશભાઈ રાવલ) સાથે થયો છે.

શહેરમાં આ પ્રથમ સનહાર્ટ ગેલેરિયા શોરૂમ છે અને પાન ઈન્ડિયામાં ૩૪મો શોરૂમ છે. આ ૨૫૦૦ સ્કવેર ફૂટના ગેલેરિયા શોરૂમ પ્લોટ નં. ૨, આબુ રોડ હાઈવે, ગજાનંદ (ટાટા મોટર્સ), પાલનપુર - ૩૮૫૦૦૧ (ગુજરાત) ખાતે શરૂ કરવામાં આવ્યો છે.

સનહાર્ટ સીરામિક ૮૦૦ ડિલર્સ ધરાવે છે અને ભારતમાં ૨૦૦૦ જેટલા ટચ પોઈન્ટ્સ ધરાવે છે. નેટવર્ક વિસ્તરણથી કંપનીની ઉપસ્થિતિ વધુ મજબૂત બનશે અને હાલના અને સંભવિત ગ્રાહકોની વધુ નજીક પહોંચી શકશે.'

સનહાર્ટ સીમારમિકનો પ્રારંભ ૨૦૧૦થી થયો હતો. માત્ર સાત વર્ષના સમયમાં તે ભારતના સીરામિક ઉદ્યોગમાં અગ્રણી બન્યો છે અને ભારતીય સીરામિક ઈન્ડસ્ટ્રીમાં ટોચની ૧૦ ટાઈલ્સ બ્રાન્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.સનહાર્ટ સીરામિકે હંમેશા નવી પ્રોડક્ટ રેન્જમાં નવીનતા લાવવાનું અને તેને વિશ્વસ્તરની પણ અફોર્ડેબલ પ્રાઈઝમાં આપવાનું કામ કર્યું છે જેના કારણે તે આજે ભારતીય સીરામિક ઈન્ડસ્ટ્રીમાં સતત બે વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં અગ્રણી એક્સપોર્ટર બની રહી છે અને વિશ્વભરના ૬૫ દેશોમાં કાર્યરત છે.

તે ગુજરાતમાં ૯ મેન્યુફેક્ચરીંગ યુનિટ્સ મોરબીમાં ધરાવે છે જેમાં તેનો નવો જીવીટી પ્લાન્ટ સામેલ છે જેનો પ્રારંભ જૂન ૨૦૧૭થી થયો છે અને

તે ૪.૮ મિલિયન સક્વેરમીટર પ્રતિ વર્ષની ક્ષમતા ધરાવે છે. આ પ્લાન્ટ સાથે સનહાર્ટ સીરામિકની કુલ ક્ષમતા (૧૮ મિલિયન તેમજ ૪.૮ મિલિયન) ૨૨ મિલિયન સ્ક્વેર મીટર પ્રતિ વર્ષની થશે. સનહાર્ટ પાસે કંપનીની માલિકીના ૯ શોરૂમ્સ મોટા શહેરો જેમકે દિલ્હી, જયપુર, ઈન્દોર, મુંબઈ, અમદાવાદ, મોરબી, કોલકાતા, ચેન્નઈ અને કોચીનમાં છે.સનહાર્ટ સીરામિક નવા મેગા ૧૨૦૦૦ સ્ક્વેરફૂટ શોરૂમ સાથે આવ્યું છે જે કંપનીનો ભારતીય ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વિશાળ ડિસ્પ્લે સેન્ટર અમદાવાદમાં ધરાવે છે.

# ન્યુઝીલેન્ડમાં સ્થાનિકોમાં લોકપ્રિય ગુજરાતી રસોઈ



વિલંગ્ટના ન્યુઝીલેન્ડમાં વાર્ષિક ફુડ ફેસ્ટીવલ વિલંગ્ટન ઓન અ પ્લેટ (WOA) માં સમગ્ર ક્ષેત્રની સ્વાદિષ્ટ વાનગીઓથી બે સપ્લાહના ખાનપાનનાં ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તે એક માત્ર વાનગી ઉત્સવન છે જે વિવિધ તત્વોને ભેગા કરે છે જે બધાની ઈચ્છાઓને સંતોષે તેવા રસોઈ પ્રોગ્રામોને એકત્રિત કરે છે. સ્પાઈસ ટેમ્પલ દ્વારા આ વર્ષે તહેવારનાં લોકપ્રિય વાનગીઓમાંથી એક પુરી પાડવામાં આવી હતી. જેમાં શોન ક્લોસ્ટન, હેડ ચીફ, લોગાન બ્રાઉન રેસ્ટોરન્ટ અને બાર અને સંજય દયાલ, કોઓનર્સ, કુબા ફ્રુટ માર્ટની ભાગીદારી હતી. છેલ્લા બે દાયકાઓમાં, કુબા સેન્ટ ફ્રુટ માર્ટ અને લોગાન બ્રાઉન વચ્ચે તેમનાં ખોરાક અને સુદાર ઉત્પાદનનાં સહીયારા પ્રેમમાં શ્રેષ્ઠ સબંધ વિકસ્યો છે. ફુડ ફેસ્ટીવલમાં વેલિંગ્ટન સમુદાયને કંઈક આપવા માટે શહેરી રસોઈ કળા ઉપરાંત પરંપરાનું સર્જન કરવા માટેનો તેમનો જુસ્સો જોવા મળે છે. ફેસ્ટીવલમાં સ્પાઈસ ટેમ્પલ વિવિધ ગુજરાતી રસોઈ આપે છે જે સંજયના માતા પુષ્પા દલાલ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.સંજયને સમાજમાં અન્ય સાથે ગુજરાતી રસોઈની વાનગીઓનાં સ્વાદોનાં શેરીંગનાં કારણો અંગે પુછતા તે જણાવે છે કે તમારી માતાની રસોઈને કોઈ માત આપી શકતું નથી. વેલિંગ્ટનમાં સૌથી શ્રેષ્ઠ ભારતીય રેસ્ટોરન્ટ મારી માતાનું રસોડું છે અને જ્યારે લોગાન બ્રાઉને તેમની સાથે જોડાવા માટે પુછ્યું ત્યારે મે વિચાર્યુ કે શા માટે તેને શેર ન કરીએ !

**આત્મચિંતન**

# આપણો દ્રષ્ટિકોણ પણ સુધરે

આપણે પોતાના આંતરિક દ્રષ્ટિકોણને બદલીએ તો બહાર જે કાંઈપણ દેખાય છે તે બધું બદલાયેલું જણાશે. આંખો પર જે રંગના ચશ્મા પહેર્યા હોય છે તે રંગની જ વસ્તુઓ દેખાય છે. અનેક લોકોને આ સંસારમાં કેવળ પાપ અને દુર્ભાવ જ દેખાય છે. સર્વત્ર તેમને ગંદકી દેખાય છે. આનું મુખ્ય કારણ પોતાની આંતરિક મલિનતાજ છે. આ સંસારમાં સદગુણોની ખામી નથી, શ્રેષ્ઠ અને સજ્જન વ્યક્તિઓ પણ સર્વત્ર રહે છે. દરેક વ્યક્તિમાં કોઈને કોઈ સદગુણ તો હોય જ છે. છીદ્રોન્વેષણ છોડીને જો આપણે ગુણની ખોજ કરવાનો આપણો સ્વભાવ કેળવીએ, તો ઘૃણા અને દ્વેષના બદલે આપણને પ્રસન્નતા પ્રાપ્ત કરવા લાયક પણ ઘણું આ સંસારમાં મળી જશે. બુરાઈઓને સુધારવા માટે પણ આપણે ઘૃણાનો નહિ, સુધારણા અને સેવાનો દ્રષ્ટિકોણ અપનાવીએ તો તે કટુતા અને દુર્ભવના પેદા નહિ થાય, જે સંઘર્ષ અને વિરોધ કરવાની સામાન્યત: પેદા થાય છે.

બીજાઓને સુધારતા પહેલા આપણે પોતાને સુધારવાની વાત વિચારવી જોઈએ. બીજાઓની પાસે સજ્જનતાની આશા રાખતા પૂર્વે આપણે પોતાની જાતને સજ્જન બનાવવી જોઈએ. બુરાઈઓને દુર કરવી તે એક પ્રસંશનીય પ્રવૃત્તિ છે. સારા કામની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ. જો આપણે સુધરીએ, આપણો દ્રષ્ટિકોણ સુધરે તો બીજાઓની સુધારણા થવામાં કોઈ મુશ્કેલી નડશે નહી.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

# શાળા શિક્ષણમાં લૈંગિક સમાનતાનો સમાવેશ

સર્વોચ્ચ અદાલતના ત્રીપલ તલાક તેમજ ગુપ્તતાના અધિકાર વિશે જાહેર થયેલ ચુકાદાઓ ઉપરાંત રામ રહીમને થયેલ સજાના બનાવે દેશમાં સ્ત્રીઓની સલામતી, કેટલાક રીવાજોની પ્રસ્તુતતા વિશે બંધારણીયતા અને લૈંગિક સમાનતાના સવાલો ઉભરી રહ્યા છે.

દેશમાં વિવિધ ભાગો-સમાજોમાં લિંગના આધારે કરવામાં આવતા ભેદભાવ અને સ્ત્રી પર થતા અત્યાચારોથી વ્યથિત થઈ દરેક સંવેદનશીલ વ્યક્તિને એ પ્રશ્ન થવો જોઈએ કે સમાજમાં એક લીંગ(એટલે કે પુરુષ) નું સ્થાન બીજા લીંગ(સ્ત્રી) કરતાં ઉંચું કેમ ? એક લીંગ બીજા લીંગ પરનાં સંપૂર્ણ પ્રભુત્વ વિશે પુન: વિચાર કરવાની જરૂર છે. આપણી જન્મ પૈતૃક સમાજમાં થતો નથી. પૈતૃક સમાજમાં આપણુ સામાજીકરણ કરવામાં આવે છે.

બાળકની બહુ વહેલી ઉમરથી પૈતૃક સમાજનાં લક્ષણો તેનાં માનસને સમજ આપવામાં આવે છે. બાળક પોતે છોકરો છે કે છોકરી તેની તેને સમજ ઉદભવે તે પૂર્વે તેને 'છોકરીની જેમ ન રોવાનું' શીખવવામાં આવે છે. છોકરીઓને રમત રમવા રસોડાના સાધન અને છોકરાને બંદુક, મોટર સાયકલ, વિમાન આપવામાં આવે છે. શાળામાં છોકરા-છોકરીઓને અમુક રીતે વર્તન કરવા ન કરવા કડકાઈથી સુચના આપવામાં આવે છે. છોકરા-છોકરીઓને વિષય પસંદગી, તેમની રસ-રુચિના આધારે નહીં, પરંતુ લીંગના આધારે કરવાની હોય છે. દિકરી યુનિવર્સિટીની મોટાભાગની મહિલા કોલેજોમાં માનસશાસ્ત્ર સાથે માનદ ઉપાધિ એનાયત કરવામાં આવે છે. એટલે કે છોકરીઓને વિષય પસંદગીની મુક્ત તકો બહુ ઓછી રહે છે. જ્યારે છોકરાઓ માટે વિષયો પસંદ કરવા અનેક વિકલ્પો ઉપલબ્ધ હોય છે.

એટલે આપણને જ્યાં ભાષા, વિજ્ઞાન શીખવવામાં આવે છે તે શાળાઓમાં છોકરા-છોકરીઓનો સહઅસ્તિત્વનું શિક્ષણ આપવું જોઈએ. આપણા બાળકોને શાળામાં જ એ શિક્ષણ મળવું જોઈએ કે લૈંગિક સમાનતા વાસ્તવિકતા છે. બાળકો જ આપણી આશા અને ભવિષ્ય છે. તેમણે સહજ રીતે જીવન જીવતાં શીખવું જોઈએ અને નહીં કે પૈતૃક સમાજે ઘડેલા ધોરણોથી દોરાઈને જો શાળા શિક્ષણથી છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ આરોપવામાં આવે, તો સમાજ માટે તે હાનિકારક છે. વિજાતીય આકર્ષણ માટે નકારાત્મક ખ્યાલની અનુભૂતિથી છોકરીઓ પોતાની જાત નીચી-ઉતરતી સમજે છે. શાળાથી જ આ રીતે બાળકીઓને પોતાની જાત માટે ગૌરવભંગ અનુભવાય છે. સામા પક્ષે, છોકરાઓ પોતાની જાત માટે ઉચ્ચ અને ગૌરવ ભાવની અનુભુતિ કરે છે અને તેમની સામે કોઈ પડકાર કે ઠપકાનો અવકાશ રહેતો નથી. છોકરાઓ એમ માનતા થાય છે કે તેઓ વિશેષાધિકૃત વર્ગમાંથી આવે છે.

મોટાભાગની શાળા-કોલેજોમાં સલામતીના નામે છોકરા-છોકરીની અલગ લાઈનો કરવામાં આવે છે. વિજ્ઞાન પ્રયોગશાળા, રમતના મેદાનો, પસંદગીની તકો, વ દરેક સ્થળે છોકરા-છોકરીને અલગ લાઈનોમાં બેસાડવામાં આવે છે. એક એવો ભય વ્યક્ત કરવામાં આવે છે જો છોકરા-છોકરી ભેગા થાય, તો ઈશ્ક, છેડછાડ, મર્યાદાલોપના કિસ્સાઓ બને. પરંતુ સૌ પ્રથમ છોકરાઓનાં મનનો ઉચ્ચ ભાવ અને છોકરીઓના મનનો ડર દુર થવો જોઈએ. એકબીજા સાથે શિષ્ઠાપૂર્વક વર્તન કેવી રીતે થાય તે સહ-અસ્તિત્વથી શીખવી શકાય. સાથે બેસીને, ભણશે તો એકબીજાની તરફ આદર પ્રગટશે. છોકરા કે છોકરીએ એકબીજા તરફ માનવ તરીકેની દ્રષ્ટિથી નિહાળતાં અને સહજરીતે જીવન જીવતાં શીખવાનું શિક્ષણ પણ શાળાઓમાં ઉપલબ્ધ કરાવવું જોઈએ.

છોકરા કે છોકરાનું શરીર કુદરતી છે. દરેકના શરીરમાં જુદી જુદી કુદરતી ક્રિયાઓ થયા કરે છે. સ્ત્રીઓમાં ઋતુચક્ર અને પ્રસુતિ ક્ષમતા વિશિષ્ટ હોવા છતાં કુદરતી છે. યુવતીઓ પોતાના કુટુંબમાં પોતાના ઋતુચક્રની સમસ્યા વિશે ભાઈ કે પિતાને વાત કરતાં સંકોચાય છે. વર્ષોથી પરંપરાગતરીતે આ વર્તન સમાજમાં ચાલી રહ્યું છે. પરંપરાનું અનુસરણ નવી શોધ અને તર્કશક્તિ માટે બાધારૂપ છે. છોકરા કે છોકરીઓનાં વલણો તરફ માનસિક પૂર્વગ્રહથી નિહાળવામાં આવે છે. આ ગ્રંથિ દુર થવી ઘટે. શાળા શિક્ષણમાં છોકરા-છોકરી માટે પરસ્પર આદર અને સમાનતાના પાઠો શીખવવા જોઈએ. જો આ પ્રકારનું શિક્ષણ શાળાઓમાં અપાય તો છોકરીઓ તરફનો તુચ્છ ભાવ, માનસિકતા કે ગ્રંથિ દુર થશે અને છોકરાઓનાં છોકરી તરફના વર્તનમાં સુધારો થશે આવા મુક્ત વાતાવરણમાં જ સમાજ પ્રગતિ શક્ય છે. સારા નાગરિકો અને માનવો તૈયાર થવામાં આ વાતાવરણ ઓક્સિજનની ગરજ સારશે.

**પો.અશ્વિનકુમાર એન.કારીયા**
**લો.કોલેજ, પાલનપુર**

## મિતાશી દ્વારા ૫૫ઈચ ૪કે કવર્ડ એલઈડી ટીવીના લોન્ચની જોહરાત



ભારતની અગ્રણી પ્રિમીયમ વેલ્યુ હોમગ્રાઉન બ્રાન્ડ, મિતાશી બે દશકાઓ થી પણ વધુ સમયથી ગેમ ચેન્જીગ ઈલેકટ્રોનિક પ્રોડકટ લોન્ચ કરતી આવી છે.

અત્યાધુનિક ટેકનોલોજી અને વાજબી કિંમતે મિતાશીને ભારતીય બજારમાં ઉપલબ્ધ પ્રોડકટમાં શ્રેષ્ઠ બનાવી છે . આ મહિને આ દિશામાં આગળ વધતા મિતાશી દ્વારા ૫૫ઈચ ૪કે કવર્ડ એલઈડી ટીવીના લોન્ચની જોહરાત કરવામાં આવી છે.

૫૫ ઈચ કવર્ડ એલઈડી ટીવી મિતાશીની લેટેસ્ટ એડીશનની આધુનિક શ્રેણી છે જી ૫૫, ૫૦ ,૩૯ અને ૩૨ ઈચના વિકલ્પોમાં ઉપલબ્ધ છે. લેટેસ્ટ ૫૫ ઈચ કવર્ડ ૪કે યુએચડી રિસોલ્યુશન સૌથી શાર્પ ઈમેજ આપે છે. સુપર સ્લીમ કવર્ડ પેનલ ખાસ દાર્શનિક લુક આપે છે.

મિતાશીના ફાઉન્ડર અને સીએમડી શ્રી રાકેશ દુગરે જણાવ્યુ કે ,કવર્ડ ટીવી ટેલિવિઝન જોવાના અનુભવનુ સ્વરુપ બદલી નાખે છે. આ પ્રિમીયમ પ્રોડકટ છે અને અમારી ટીમ ખુબ મહેનત કરીને પ્રિમિયમ અનુભવ, ઉત્તમ ગુણવત્તા , અને વાજબી કિમત દરેક માટે ઉપલબ્ધ મનાવે છે.

મિતાશીનુ પાથ બ્રેકીગ નવુ ટેલિવિઝન માત્ર રુ. ૭૯,૯૯૦ એટલે કે અન્ય સ્પર્ધકો કરતા લગભગ અડધી કિંમતે છે.

## આરબીઆઈની નીતિ પર શ્રી વી એસ પાર્થસારથીનું નિવેદન સારી નીતિ એક પ્રક્રિયા છે, એક સ્થિતિ નથી



કોઈ પણ સમયે દિશા અને લક્ષ્યાંક બંને મહત્ત્વપૂર્ણ છે. ૫:૧નાં નિર્ણય સાથે યથાવત્ સ્થિતિ જાળવીને, નીતિગત દરોમાં કોઈ ફેરફાર ન કરીને એમપીસીએ સ્પષ્ટપણે થોભો અને રાહ જોવાનાં તેનાં અભિગમ પર ભાર મૂક્યો છે. ઘણી બાબતોમાં પરિવર્તન થઈ રહ્યું છે અને આગળ વધતાં અગાઉ સાવચેતીભર્યો અભિગમ રાખવો તેમનાં નજરે મહત્ત્વપૂર્ણ છે. ભારત માટે વૃદ્ધિનો ઊંચો દર જાળવી રાખવો જરૂરી છે. આ માટે આપણે કુશળ અને સકારાત્મક સંકેતોની જરૂર છે તથા એ પરિપ્રેક્ષ્યથી જોઈએ તો આ તક ચુકી ગયા છીએ. અમે આ 'વિરામ'ને આવકારીએ છીએ, પણ સકારાત્મક સંકેત મોડો નહીં, પણ શક્ય તેટલી વહેલી તકે મળવો જોઈએ. ભારત પાસે પોતાની વૃદ્ધિનો ઊંચો દર હાંસલ કરવાની ઐતિહાસિક તક છે. ભારત માટે એકમાત્ર મોટો લક્ષ્યાંક વૃદ્ધિના ઊંચો દર હાંસલ કરવાનો છે અને આ માટે સકારાત્મક સંકેત અતિ મહત્ત્વપૂર્ણ છે.

## કોક્સ એન્ડ કિંગ્સનાં કરન આનંદને ફ્રાંસની સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન માટે ગોલ્ડ મેડલ એનાયત થયો

મુંબઈ

કોક્સ એન્ડ કિંગ્સ લિમિટેડનાં રિલેશનશિપ્સ એન્ડ સપ્લાયર મેનેજમેન્ટનાં હેડ શ્રી કરન આનંદનેફ્રાંસની સરકારે મુંબઈમાં ફ્રેન્ચ કોસ્યુલેટમાં આયોજિત એક વિશેષ સમારંભમાં પ્રવાસન માટે પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ એનાયત કર્યોહતો. પ્રવાસન ઉદ્યોગમાં ફ્રાંસની સરકારે કોઈ પણ ભારતીયને એનાયત કરેલ આ સર્વપ્રથમ ગોલ્ડ મેડલ છે.શ્રી આનંદને મુંબઈમાં ફ્રાંસનાં કોન્સુલ જનરલ ય્વેસ પેરિન દ્વારા પ્રતિષ્ઠિત સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો, જેમાંઆનંદનાં ભારતમાં ફ્રાંસને પ્રોત્સાહન આપવાનાં પથપ્રદર્શક પ્રોત્સાહન પ્રદાનને ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. ફ્રાંસ આધુનિક ભારતીય પ્રવાસીઓ માટે હંમેશા પસંદગીનું સ્થળ રહ્યું છે અને કોક્સ એન્ડ કિંગ્સ ભારતીય પ્રવાસીઓ માટે આકર્ષક સ્થળો ખોલવામાં પથપ્રદર્શક છે. અગ્રણી ટ્રાવેલ ગ્રૂપ કોક્સ એન્ડ કિંગ્સે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે, જેમાં એક સિદ્ધિ એ છે કે આ ટ્રાવેલ ગ્રૂપ લિડોમાં ભારતીય વાનગીઓ સર્વ કરવામાં, ગ્રેવિન વેક્સ મ્યુઝિયમ સાથે એક્સક્લૂઝિવ જોડાણ કરનાર, એમ્યુઝમેન્ટ પાર્ક – પાર્ક એસ્ટેરિક્સ પ્રસ્તુત કરનાર, વાઈન ટૂર્સ માટે બોરડીક્સની મુલાકાત માટે જોડાણ કરનાર અને ભારતીય બજાર માટે કેમોનિક્સ મોન્ટ બ્લેન્ક સફળતાપૂર્વક ખોલનાર સર્વપ્રથમ ટ્રાવેલ ગ્રૂપ છે.પ્રવાસન માટે ગોલ્ડ મેડલ ફ્રાંસનાં કે ફ્રાંસ સિવાય અન્ય દેશોનાં નાગરિકોને એનાયત કરવામાં આવે છે, જેણે પ્રવાસન વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય અને વ્યાવસાયિક મૂલ્યો કે સ્વૈચ્છિક પ્રદાન મારફતે સંબંધિત કામગીરી કરી હોય અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કર્યા હોય.

કોક્સ એન્ડ કિંગ્સ લિમિટેડ ('સીએન્ડકે') દુનિયાની સૌથી જૂની ટ્રાવેલ કંપની છે તથા ૪ ખંડના ૨૨દેશોમાં કાર્યરત અગ્રણી લેઈઝર અને એજ્યુકેશન ટ્રાવેલ ગ્રૂપ છે. તે દુનિયાની સૌથી વધુ અનુભવીટ્રાવેલ કંપનીઓમાંની એક છે, જે વર્ષ ૧૭૫૮થી કાર્યરત છે. ભારતમાં હેડક્વાર્ટર ધરાવતી આ કંપનીએ છેલ્લાં ત્રણ દાયકાથી પોતાને ડાઈવર્સિફાઈડ, બહુરાષ્ટ્રીય ટ્રાવેલ જૂથ છે, જે ૨૧મી સદીનાં વૈશ્વિક ઉપભોક્તાઓ પર કેન્દ્રિત છે.

# સિને-સરિતા

ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...


## પ્રિયંકા, દિપિકા બાદ હવે રિચા ચઙ્ઢા ફિલ્મ બનાવશે



પ્રિયંકા ચોપડા, અનુષ્કા શર્મા સહિતની અભિનેત્રી નિર્માણમાં પ્રવેશી ગયા બાદ હવે અભિનેત્રી રિચા ચઙ્ઢા કેરિયરની શરૂઆતમાં જ ફિલ્મ બનાવવાની ઈચ્છા ધરાવે છે. એક અભિનેત્રી તરીકે મોટી સફળતા ન મળતા તે હવે ફિલ્મ નિર્માણમાં કુદી પડવા માટે ઈચ્છુક છે. રિચા કહે છે કે તે ફિલ્મના નિર્માણમાં કુદીને કેરિયરની શરૂઆતમાં જોખમ લઈ રહી છે પરંતુ તે એક્ટિંગને પણ જારી રાખવા માટે ઈચ્છુક છે. રિચા પાસે હાલમાં કોઈ વધારે ફિલ્મો હાથમાં નથી. ગેંગ્સ ઓફ વાસેપુરમાં પ્રથમ વખત કામ કર્યા બાદ તે હવે જુદા જુદા ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે ઈચ્છુક છે. તેનુ કહેવુ છે કે તે ગેગ્સ ઓફ વાસેપુર બાદ જ નિર્માણ કરવા માટે ઈચ્છુક હતી. પરંતુ એ વખતે તે આ દિશામાં આગળ વધી શકી ન હતી. અનુસંધાન પાના નં.૬ ઉપર



## સંજય લીલા સાથે હાલ કોઈ ફિલ્મ કરી રહી નથી : એશ



### ઓન ધ સ્ક્રીન

બોલિવુડની બ્યુટીક્વીન એશ્વર્યા રાય બચ્ચન સંજયલીલાની નવી ફિલ્મ પદ્માવતિમાં કામ કરનાર છે તેવી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે સંજય લીલાની નવી ફિલ્મ પદ્માવતિમાં એશ્વર્યા આઈટમ સોંગ કરનાર છે. હવે નજીકના સુત્રોએ કહ્યુ છે કે આ ફિલ્મમાં એશ કામ કરી રહી નથી. સંજય લીલા અને એશ એકબીજાને છેલ્લા કેટલાક દિવસથી મળે છે પરંતુ તે ફિલ્મમાં કામ કરવા જઈ રહી નથી. બન્ને વચ્ચે નજીકની મિત્રતાના કારણે મળી રહ્યા છે પરંતુ તેમની વચ્ચે ફિલ્મને લઈને કોઈ ચર્ચા નથી. હાલમાં સંજય લીલા દિવાળી પાર્ટી પર એશના આવાસ પર આ ખુબસુરત અભિનેત્રીને મળ્યા હતા. એશના ફેવરીટ નિર્દેશક તરીકે સંજય લીલા ચોક્કસપણે છે પરંતુ હાલમાં ફિલ્મને લઈને કોઈ વાત કરાઈ નથી. ફિલ્મમાં આઈટમ સોંગ માટે કોઈ સ્કોપ જ નથી. આવી સ્થિતીમાં એશને ફિલ્મમાં સામેલ કરવાની બાબત આધારવગરની છે. હજુ સુધી એવી ચર્ચા હતી કે એશને ફિલ્મમાં લેવામાં આવનાર છે. ફિલ્મમાં દિપિકા, રણવીરસિંહ અને શાહિદ કપુર મુખ્ય ભૂમિકા અદા કરનાર છે. જો કે સંજય લીલાની ફિલ્મ ગોલિયો કી રાસલીલા ફિલ્મ આવી હતી ત્યારે પણ ઓ અહેવાલ આવ્યા હતા કે તે ફિલ્મમાં આઈટમ સોંગ કરનાર છે. જો કે અંતે પ્રિયંકા ચોપડાને સોંગમાં આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બન્ને અગાઉ પણ ફિલ્મમાં સાથે કામ કરી ચુક્યા છે. એશ અને સંજય લીલા હવે ફરી ક્યારે સાથે આવે છે તેને લઈને ભારે અટકળો છે.

## અભિનયની વિવિધ રંગી છટા વિખેરનાર હરફન મૌલા કલાકાર ભારત ભુષણ

### ફિલ્મી સિતારા-કમલેશ કંસારા

પોતાના અભિનયના રંગથી કાલિદાસ, તાનસેન, કબીર અને મિર્ઝા ગાલીબ જેવા ચરિત્રોને નવું રૂપ આપનાર અભિનેતા ભારતભુષણ ગાયક બનવાને માટેનું સ્વપ્ન લઈને મુંબઈ આવ્યા હતા. ઉત્તરપ્રદેશના અલીગઢમાં સન ૧૯૨૦ માં જન્મેલ ભારતભુષણ મુંબઈમાં ગીતો ગાવાનું કાર્ય ન મળતાં નિર્માતા નિર્દેશક કેદારશર્માની ૧૯૪૧ માં નિર્મીત ફિલ્મ 'ચિત્રલેખા' માં એક નાની ભૂમિકાથી પોતાની ફિલ્મી કેરીયરની શરૂઆત કરી હતી. ૧૯૫૧ સુધી કોઈ ખાસ સફળતા પ્રાપ્ત થઈ નહોતી. આ સમયગાળામાં ભકત કબીર, ભાઈચારા, સુહાગરાત, ઉધાર, રંગીલા રાજસ્થાન, એક થી લડકી, રામદર્શન, આનંદમઠ અને માં, સાગર જેવી અનેક ફિલ્મોમાં કાર્ય કર્યુ હતું. ભારતભુષણની અભિનયનો સિતારો નિર્માતા, નિર્દેશક વિજયભટ્ટની કલાસીક ફિલ્મ 'બૈજુ બાવરા' થી ચમકયો હતો.



લાજવાબ ગીત સંગીત અને અભિનયથી સજેલ આ ફિલ્મની ગોલ્ડન જ્યુબીલીએ વિજય ભટ્ટની પ્રકાશ સ્ટુડીયોને ડુબતી બચાવી હતી. ભારતભુષણ અને મીનાકુમારીને પણ એક સ્ટારના રૂપમાં સ્થાપિત કરવામાં આ ફિલ્મે મદદ કરી હતી.

આ ફિલ્મની સફળતાથી ઉત્સાહીત આ ટીમે એક વાર ફરીથી 'શ્રી ચૈતન્ય મહાપ્રભુ' નામની ફિલ્મ પ્રદર્શિત કરી જેમાં એક ઉમદા અને સશકત અભિનયને માટે 'ભારતભુષણ' ને સન ૧૯૫૫નો સર્વશ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મફેયર એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

કલાકારો, સાહિત્યકારો, સંગીતકારો, ભકતો અને ઐતિહાસિક વ્યક્તિત્વોને પોતાના સહજ સ્વાભાવિક અભિનયના રંગોથી પડદા પર જીવંત કરવાની પરંપરાને ભારતભુષણે અભિનય દ્વારા જીવંત રાખી હતી. જેમાં ભકત કબીર, મિર્ઝાગાલીબ, રાણી રૂપમતી, સોહની મહીવાલ, સમ્રાટ ચંદ્રગુપ્ત, કવિ કાલિદાસ, સંગીત સમ્રાટ તાનસેન, નવાબ સીરાજુદ્દૌલા જેવી ફિલ્મો મુખ્ય છે.

ભારતભુષણની ફિલ્મી કેરીયરમાં નિર્માતા નિર્દેશક સોહરાબ મોદીની ફિલ્મ 'મિર્ઝા ગાલીબ' નું અહમ સ્થાન છે. આ ફિલ્મમાં ભારતભુષણે શાયર મીર્ઝા ગાલીબનો અભિનય એવો ભજવ્યો હતો કે જાણે મિર્ઝા ગાલીબ જ પડદા પર ન આવ્યા હોય. લાજવાબ ગીત, સંગીત, સંવાદ અને અભિનયથી સજેલ આ ફિલ્મ ખુબ જ સફળ રહી હતી અને એને સર્વશ્રેષ્ઠ ફિલ્મ અને સર્વ શ્રેષ્ઠ સંગીતને માટે રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

ભારતભુષણે કેરીયરમાં લગભગ ૧૪૩ ફિલ્મોમાં અભિનય દ્વારા વિવિધરંગી છટા દ્વારા પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. હિંદી ફિલ્મી જગતમાં અશોકકુમાર, દિલીપકુમાર, રાજકપુર અને દેવાનંદ જેવા કલાકારોની હાજરીમાં ભારતભુષણે એક અલગ વ્યક્તિત્વ ઉભું કર્યું હતું. પાછળથી તેમણે ફિલ્મ નિર્માણમાં ઝંપલાવ્યું પણ એમાં કોઈ સફળતા મળી નહોતી. ૧૯૬૭ માં પ્રદર્શિત ફિલ્મ 'તકદીર' નાયકના રૂપમાં એમની અંતિમ ફિલ્મ હતી. ત્યારબાદ સમય અને ફિલ્મોના વિષયની દિશા બદલાતા ભારતભુષણે ચરિત્ર અભિનેતાના રૂપમાં કાર્ય કરવા લાગ્યા. પોતાની જીવન નૌકાને ચલાવવાને માટે એમણે નાની મોટી ભૂમિકાઓ ભજવવા માંડી. અંતે ભારતભુષણને ફિલ્મોમાં કામ મળવાનું બંધ થયું. ત્યારે મજબુરીમાં એમણે ટીવી સીરીયલના નાના પડદા પર અભિનય શરૂ કર્યો. 'દિશા' અને 'બેચારે ગુપ્તાજી' જેવી સીરીયલમાં અભિનય કર્યો હતો.

હાલતની માર અને સમયના દુઃખની સાથે પુરી રીતે તુટી ચુકેલ હિંદી ફિલ્મોના સ્વર્ણિમ યુગના આ મહાન અભિનેતા ભારતભુષણનું અંતે ૨૭ જાન્યુ. ૧૯૨૨ ના રોજ ૯૨ વર્ષની વયે અવસાન થયું હતું.

**કમલેશ કંસારા**



### ન્યુઝ સ્ટ્રીપ્સ

★કહતા હૈ દિલજી લે જરા તેમજ પરવરીશ ૨ માં જોવા મળેલી ખુબસુરત અદાકારા સંગીતા ઘોષે ૧૯૮૯ માં હમ હિંદુસ્તાનીથી પોતાની ટચુકડા પડદાની અભિનય યાત્રા શરૂ કરી ત્યારથી લઈને અત્યાર સુધી કયારેય નેગેટીવ ભૂમિકા નથી ભજવી પણ હવે તેણે રિશ્તોં કા ચક્રવ્યુહમાં નકારાત્મક પાત્ર ભજવવાનું બીડું ઝડપ્યું છે. તે કહે છે કે મેં અગાઉ કયારેય વેમ્પનો રોલ નહોતો કર્યો. તેથી આ પાત્ર ભજવવું કે નહીં તેની અવઢવમાં હતી પરંતુ સીરીયલ સર્જકોએ મને મનાવી લીધી. અલબત્ત તેમાં મારો અભીનય જડબેસલાક વેમ્પસ જેવો નથી. હું મારી નકારાત્મકભ ભૂમિકા પણ એકદમ સહજતાથી નિભાવવાના પક્ષમાં છું. વળી મને તેમાં મારો બંગાળી દેખાવ અને ખુલ્લા વાળ બહુ ગમે છે.

★એક રીશ્તા સાજેદારી કામાં કામ કરીને જાણીતો બનેલો અભિનેતા વસીમ મુસ્તાક હવે એક વિવાહ ઐસા ભી માં રવિ પરમાર બન્યો છે. વસીમ તેમાં સુમન સોનાલી નાઈકના મૃત પતિની ભૂમિકામાં છે. આપણને સહેજ થાય કે મૃત પતીનો રોલ શી રીતે હોઈ શકે ? વાસ્તવમાં રવિ પરમાર અત્યંત વિચિત્ર વ્યક્તિ છે. તે સુમન સાથે લગ્નગાંઠે બંધાયા પછી પોતાનું પોત પ્રકાશશે. તે તેને નાની નાની વાતમાં ધીબેડી નાખે છે અને અણગમતી પરીસ્થિતિમાંથી છુટકારો મેળવવા પોતે મરી ગયો હોવાનો કારસો રચે છે પણ પાંચ વર્ષ પછીતે પરત ફરે છે અને ત્યારે સુમન રણવીર અભિષેક મલીક સાથે વિવાહ કરતી હોય છે.

★ દિયા ઔર બાતી ફ્રેમ અદાકારા એકતા તિવારીએ પોતાના જન્મ દિવસને જ લગ્નતિથિમાં ફેરવી નાખ્યો. કારણકે તે પોતાની વેડીંગ એનીવર્સરી અને બર્થડે એકસાથે મનાવવાની ઈચ્છા રાખતી હતી. મજાની વાત એ છે કે તેણે તેના ભાવિ પતી સુશાંત કંડાપાને તેમના વિવાહની સરપ્રાઈઝ આપી હતી. એકતા કહે છે કે રાત્રે ૧૨ વાગે કેક કાપતી વખતે મેં સુશાંતને અમારા લગ્નના આયોજન વિશે જણાવ્યું હતું. તે વધુમાં કહે છે કે ક્રાઈમ પેટ્રોલમાં કામ કરતી વખતે અમે પ્રેમમાં પડયા હતા અને ટુંક સમયમાં સાથે રહેવા લાગ્યા હતા અને હવે અમે આર્ય સમાજ મંદિરમાં સાદગીથી લગ્ન કરી લીધાં છે. એકતાએ સુશાંતને અન્ય એક સરપ્રાઈઝ પણ આપી હતી. પણ મેં અમારા બંનેના પરિવારજનો અને કેટલાંક મીત્રોને ગોવા લઈ જવાનું આયોજન કર્યું.

## પરિણિતી ચોપડા અને સુરજ એક સાથે કામ કરવા તૈયાર





સલમાનખાનના બેનર હેઠળ બનેલી ફિલ્મ હિરો મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલા સુરજ પંચોલીને હવે વધુ એક ફિલ્મ હાથ લાગી છે. તે હવે પરિણિતી ચોપડાની સાથે સર્કસ નામની ફિલ્મમાં કામ કરશે. ફિલ્મ સર્કસને કોરિયોગ્રાફર બોસ્કો માર્ટિને ડાયરેક્ટ કરી રહ્યા છે. આ તેમના નિર્દેશન હેઠળ બનનાર પ્રથમ ફિલ્મ છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મનુ શુટિંગ હવે ટુંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે. મ્યુઝિકલ ડ્રામા ફિલ્મમાં સુનિલ શેટ્ટી પણ એક યાદગાર ભૂમિકા અદા કરી રહ્યો છે. તાજેતરમાં જ એવા અહેવાલ આવ્યા હતા કે સુરજ પંચોલી સુનિલ શેટ્ટીની જ ફિલ્મ ધડકનમા પણ નજરે પડનાર છે. સુરજ પંચોલી પોતાને સુનિલ શેટ્ટીની ખુબ નજીક ગણે છે. હકીકતમાં સુરજ પંચોલીએ પોતાની પ્રથમ ફિલ્મની શરૂઆત સુનિલ શેટ્ટીની પુત્રી આથિયાની સાથે કરી હતી. આવી સ્થિતીમાં તેમની વચ્ચે સારા અને મજબુત સંબંધ સામાન્ય અને સ્વાભાવિક છે. સુરજને બોલિવુડમાં ટકી રહેવા માટે એક હિટ ફિલ્મની જરૂર દેખાઈ રહી છે. કારણ કે સુરજની પ્રથમ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાલ કરી શકી ન હતી. સર્કસમાં પરિણિતી ચોપડા મુખ્ય સ્ટાર તરીકે છે. પરિણિતી ચોપડાને પણ બોલિવુડમાં ઘણો સમય થયો હોવા છતાં તેને કોઈ સારી અને મોટી હિટ ફિલ્મ મળી નથી. તે પણ સારી સફળ ફિલ્મનો ઈન્તજાર કરી રહી છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## રણવીરસિંહ ઝોયા અખ્તરની નવી ફિલ્મમાં રહેશે



### ઓન ધ સ્ક્રીન

સંજયલીલાની ફિલ્મ બાજીરાવ મસ્તાનીમાં કામ કર્યા બાદ લોકપ્રિયતા મેળવી રહેલા રણવીરસિહ પાસે વધુ એક સારી ફિલ્મ આવી હોવાના હેવાલ મળ્યા છે. આ ફિલ્મમાં તે સ્ટ્રીટ રેપર તરીકેની ભૂમિકા અદા કરનાર છે. મળેલી માહિત મુજબ રણવીરસિંહ ઝોયા અખ્તરની ફિલ્મમાં દેખાશે. આની પસંદગી કરી લેવામાં આવી છે. આ ફિલ્મ મુંબઈ સ્થિત રેપર નાજી પર આધારિત રહેશે. જેની લાઈફ તમામ લોકો માટે પ્રેરણા સમાન રહી છે. ગુલ્લી બોય તરીકે ફિલ્મને નામ આપવામાં આવે તેવી શક્યતા છે. મુંબઈની ચાલીમાં રહેતા રેપર્સનીસ્ટોરીને આવરી લઈને આ ફિલ્મ તૈયાર કરવામાં આવનાર છે. ૩૧ વર્ષીય સ્ટાર ફિલ્મમાં કામ કરી રહ્યો છે તે અંગે પુછવામાં આવતા નાજીએ રણવીર સિંહ ફિલ્મ કરી રહ્યો છે. કેટલીક બાબતો હજુ એવી રહેલી છે જે જાહેર કરવામાં આવી નથી. હાલમાં રણવીર સિંહ કેટલાક પ્રોજેક્ટ પર એક સાથે કામ કરી રહ્યો છે. ઝોયા અખતર હમેંશા ચર્ચા જગાવે તેવી ફિલ્મો બનાવવા માટે જાણીતી રહી છે. ફિલ્મના સંબંધમાં હજુ સુધી વધારે માહિતી જાહેર કરવામાં આવી નથી. જો કે ફિલ્મમાં તેની ભૂમિકા જોરદાર અને પડકારૂપ રહેશે. હાલમાં સંગીત પર આધારિત કેટલીક ફિલ્મો બની રહી છે. સાથે સાથે આત્મકથા પર ફિલ્મોનો ક્રેઝ ચાલી રહ્યો છે. ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી કોણ રહેશે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. રણવીર પદ્માવતિમાં વ્યસ્ત છે

## સ્વરા ભાસ્કર ખુબ કુશળ અભિનેત્રી : સોનમ કપુર



### સીને

સોનમ કપુર માને છે કે પ્રેમ રતન ધન પાયો ફિલ્મમાં તેની સાથે કામ કરી ચુકેલી અભિનેત્રી સ્વરા ભાસ્કર ખુબ કુશળ સ્ટાર તરીકે છે. તેનુ કહેવુ છે કે તે જેટલી કુશળ અભિનેત્રી છે તે મુજબ તેને સફળતા મળી નથી. સ્વરા ભાસ્કર અભિનિત અનારકલી ઓફ આરા ફિલ્મના એડિટેડ કરવામાં આવેલા સીન અંગે પુછવામાં આવતા સોનમ કપુરે કહ્યુ છે કે તે આ ફિલ્મ ખુબ શાનદાર ફિલ્મ હતી. ફિલ્મમાં સ્વરા ભાસ્કરે યાદગાર ભૂમિકા અદા કરી હતી. અનારકલી ઓફ આરા ફિલ્મના લીક કરવામાં આવેલા સેક્સી સીન અંગે પુછવામાં આવતા સોનમ કપુરે કહ્યુ છે કે તે ફિલ્મ નિહાળી ચુકી છે. સોનમ કપુરે કહ્યુ છે કે ગયા વર્ષે તેની નીલ બટ્ટે સન્નાટા ફિલ્મ આવી હતી. આ ફિલમમાં પણ તેની એક્ટિંગ ખુબ શાનદાર રહી હતી. સોનમ કપુરે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે કોઈ પણ પ્રકારના સેન્સરશીપમાં માનતી નથી. તેનુ કહેવુ છે કે જ્યારે કોઈ ચીજની પસંદગી અંગત રીતે કરવામાં આવે છે ત્યારે સંબંધિત વ્યક્તિ પર જવાબદારી સોંપી દેવી જોઈએ. પ્રેમ રતન ધન પાયો જેવી સુરજ બડજાતિયાની મોટી ફિલ્મમાં તે બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનની સાથે તેની બહેનના રોલમાં નજરે પડી હતી.સ્વરા ભાસ્કર સાથે સોનમ કપુરની મિત્રતા પહેલાથી જ રહી છે. તેમની મિત્રતાને ધ્યાનમાં લઈને જ સુરજ બડજાતિયાએ તેમની ફિલ્મ પ્રેમ રતન ધન પાયોમાં આ બન્ને અભિનેત્રીને એક સાથે ફિલ્મમાં લીધી હતી. સ્વરા ભાસ્કર દરેક પ્રકારની એક્ટિંગ કુશળતાને લઈને પ્રભાવિત રહી છે. તેનુ કહેવુ છે કે તે આવનાર સમયમાં પણ બોલિવુડમાં કેટલીક મોટી ફિલ્મ કરવા માટે ઉત્સુક છે. સ્વરા કેટલાક પ્રોજેક્ટોને લઈને હાલમાં વ્યસ્ત છે. સોનમ પાસે પણ કેટલીક સારી ફિલ્મ છે.

### બીહાઈન્ડ ધ સ્ક્રીન

## હુમા કુરેશી વહેલી તકે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં ઉતરી જશે



બોલિવુડની નવી આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશી પણ પ્રિયંકા ચોપડા અને અનુષ્કા શર્માની જેમ વહેલી તકે નાની વયમાં જ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી જવાની ઈચ્છા ધરાવે છે. તે પ્રિયંકા ચોપડા અને અનુષ્કા શર્માથી પ્રભાવિત દેખાઈ રહી છે. આ બન્ને સ્ટાર પહેલાથી જ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં છે. જો કે ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કામ જારી રાખવા માટે ઈચ્છુક છે. તે કહે છે કે તેની ઈચ્છા પહેલાથી જ રહેલી છે. હોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી એન્જેલિનાની જેમ જ લાઈફમાં આગળ વધવા માંગે છે. હુમા કુરેશી થોડાક સમય પહેલા અક્ષય કુમાર સાથે જોલી એલએલબી-૨ ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. મોટા સ્ટાર સાથે ફિલ્મ મળી ગયા બાદ તેની કેરિયરમાં તેજી આવી છે. આ ઉપરાંત તે સાઉથમાં પણ એન્ટ્રી કરી ચુકી છે. તેની વ્હાઈટ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. જેમાં તેની સાથે મમુટીની ભૂમિકા હતી. તે એન્જેલિનાની જેમ જ મોટી વયે પહોંચી ગયા બાદ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડશે અને ફિલ્મોમાં ભૂમિકા કરવાના બદલે નિર્માણમાં વધારે ધ્યાન આપશે. ગર્લ, ઈન્ટરપ્ટેડ તેમજ લારા ક્રોફ્ટ જેવી યાદગાર ફિલ્મો બનાવી ચુકેલી એન્જેલીનાથી હુમા કુરેશી ખુબ પ્રભાવિત રહી છે. હુમા આશાવાદી બનેલી છે.

### ઓન ધ સ્ક્રીન

## અક્ષય કુમાર અને પરિણિતી ચોપડા સાથે દેખાશે



અક્ષય કુમાર,કરણ જોહર અને સલમાન ખાન હવે સાથે મળીને વર્ષ ૧૮૫૭માં થયેલી સારાગઢીની લડાઈ પર ફિલ્મ બનાવવા માટે આગળ વધી રહ્યા છે. આ ફિલ્મમાં અભિનેત્રી તરીકે પરિણિતી ચોપડાને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો આ મોટા પ્રોજેક્ટ માટે પરિણિતી ચોપડાને અભિનેત્રી તરીકે લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરિણિતી ચોપડા ફિલ્મમાં અક્ષય કુમારની પત્નિ તરીકેની ભૂમિકામાં નજરે પડનાર છે. અક્ષય કુમાર અને પરિણિતી ચોપડા પ્રથમ વખત એક સાથે નજરે પડી રહ્યા છે. એમ કહેવામાં આવે છે કે પરિણિતીને ફિલ્મની પટકથા ખુબ પસંદ પડી છે. . અનુસંધાન પાના નં.૬ ઉપર

### જીએસટીનો અમલ...

પાના નં.૧ ચાલુ

મોદી સરકારને આડા હાથે લેતાં બાપુએ જણાવ્યું કે, જીએસટીના કારણે ગુજરાતની આર્થિક રાજધાની સુરત બેહાલ બન્યું છે. આશરે પંદર લાખ પરપ્રાંતીય કારીગરો સુરતમાંથી જતા રહ્યા છે, તો અન્ય પંદર લાખ કારીગરો બેકાર બન્યા છે. જીએસટીના લીધે ઉદ્યોગો મંદીના ખપ્પરમાં અને ત્રાહિમામ્ પોકારી શટરો પાડી રહ્યા છે. અર્થ વગરની નોટબંધીએ બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગને મરણતોલ ફટકો માર્યો છે. કાયદા અને કર પ્રજાની સુખાકારી અને કલ્યાણ માટે હોવા જોઈએ, તેમને ગળેટૂંપો દેવા માટે નહી. દોઢ વર્ષ સુધી જીએસટીનો અમલ મોકૂફ રાખવાની માંગણી કરતાં વાઘેલાએ જણાવ્યું કે, જીએસટી મોકૂફ રાખવાથી સરકારની આવકમાં બહુ ફેર નહી પડે અને ફેર પડે તો, જાહેરાતો પાછળ ઓછો ખર્ચ કરે. પેટ્રોલ-ડિઝલ પરનો વેટ-એક્સાઈઝ ઘટાડી તેના ભાવો સરકારે સસ્તા કરવા જોઈએ. શંકરસિંહ વાઘેલાએ ગુજરાતના લોકોની વેદના પરત્વે સંવેદના વ્યકત કરતાં જણાવ્યું કે, મારા ચૂંટણી પ્રવાસ દરમ્યાન મેં જોયું કે, લોકો ભાજપ-કોંગ્રેસથી પરેશાન છે અને તેમના પ્રશ્નો, વેદનાને વાચા આપવા અને તેમના આંસુ લૂછવા માટે બાપુના જન વિકલ્પ મોરચો જ સક્ષમ છે, તેવી શ્રધ્ધા રાખીને બેઠા છે. ખેડૂતોની લાગણી જાણતાં તેમણે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવાની જરૂર છે અને તે પણ તાલુકા કક્ષાએ ખરીદ કેન્દ્રો ઉભા કરીને. ખેડૂતોની જેમ બેરોજગાર યુવાનો પણ અંધકારમાં ગરકાવ છે પરંતુ જો જનવિકલ્પ મોરચાની સરકાર બનશે તો, ૧૦૦ દિવસમાં જ તેઓને રોજગારી અપાશે. બાપુએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના પ્રજાજનોને દુઃખ-દર્દ સમજવામાં ભાજપ અને કોંગ્રેસ બંને નિષ્ફળ રહ્યા છે ત્યારે જન વિકલ્પ મોરચા દ્વારા આગામી વિધાનસભા ચૂંટણીમાં કહેવાતા હાઈકમાન્ડ દ્વારા નહી પરંતુ સ્થાનિક લોકો દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારો ચૂંટણીમાં ઉતારવામાં આવશે. આ માટે જે લોકો મને મળવા માંગતા હોય તેઓને હું રૂબરૂમાં વન ટુ વન મળીશ. જેમાં તા.૬ઠ્ઠીએ શાહીબાગ સરકીટ હાઉસ ખાતે, ૭મીએ વડોદરા રાધેશ્યામ પાર્ટી પ્લોટ ખાતે, ૮મીએ ગાંધીનગર વસંતવગડોના મારા નિવાસસ્થાને અને ૧૪મીએ સૌરાષ્ટ્રના લોકોને રાજકોટ ખાતે સરકીટ હાઉસમાં બધાને મળીશ. વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો પર અમારા ઉમેદવારો ઉભા રહેશે અને ગુજરાતની જનતા અમારી હાઈકમાન્ડ રહેશે.

### હવે મફત...

પાના નં.૧ ચાલુ

યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલાનુ અંતિમ પૂર્ણ બજેટ રહેનાર છે. સરકાર આ પ્રયાસને નોટબંધી બાદ ડિજિટલ લેવડદેવડ તરીકે રજૂ કરવા માટે ઈચ્છુક છે. સુત્રોના કહેવા મુજબ યુનિવર્સલ ઓબ્લિગેશન ફંડથી આ સ્કીમને આગળ વધારી શકાય છે. એમ કહેવામાં આવે છે કે સરકાર ગ્રામીણ વિસ્તારોમાં નેટ કનેકટિવિટીને વધારી દેવાના હેતુ સાથે આ યોજનાને રજૂ કરનાર છે. આ હેઠળ એવી તમામ જરૂરી વેબસાઈટ ખુલી જશે જે જરૂરી સેવા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટને અંતિમ રૂપ આપવામાં લાગેલા અધિકારીઓના કહેવા મુજબ હાલમાં તેના કેટલાક પાસા પર ચર્ચા ચાલી રહી છે. યુએસઓ ફંડને લઈને લોકોને વધારે માહિતી નથી. આ એક એવા ફંડ તરીકે છે જેમાં તમામ ટેલિકોમ કંપનીઓને દર વર્ષે પોતાના લાભતી એક હિસ્સો સરકારની પાસે બનેલા ફંડમાં જમા કરવાની જરૂર હોય છે. વર્ષ ૨૦૦૨થી લઈને ૨૦૧૬ સુધી તેમાં ૬૮ હજાર કરોડ રૂપિયા જમા થઈ ચુક્યા છે. જે પૈકી માત્ર ૨૫ હજાર કરોડ રૂપિયા જ ખર્ચ કરી શકાયા છે.

### આજથી અન્ડર-૧૭..

પાના નં.૧ ચાલુ

હેઠળ પ્રથમ વખત ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપનું આયોજન છઠ્ઠી ઓક્ટોબરના દિવસે થશે. યજમાન ટીમ હોવાના કારણે ભારતને ટુર્નામેન્ટમાં એન્ટ્રી મળી ગઈ છે. અલબત્ત ટીમ સંપૂર્ણપણે તૈયાર છે અને જોરદાર મહેનત કર્યા બાદ દુનિયાની ૨૪ દિગ્ગજ ટીમો માટે પોતાની દાવેદારી રજૂ કરશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચમાં આવતીકાલે અમેરિકા સામે રમશે. ત્યારબાદ ભારત પોતાની અન્ય મેચ ૯મી ઓક્ટોબરે કોલંબિયા સામે, ૧૨મી ઓક્ટોબરે ઘાના સામે રમશે. ભારતીય ફૂટબોલ માટે આ ક્ષણ ખુબ જ ઐતિહાસિક બની રહેશે. દુનિયાની ૨૪ ટીમો વચ્ચે ફિફા-૧૭ જંગ ખેલાનાર છે. ભારત પણ પ્રબળ દાવેદાર તરીકે ઘરઆ-ંગણે ઉતરશે. અલબત્ત ભારતીય ટીમ ફેવરિટ તરીકે દેખાઈ રહી નથી પરંતુ ટીમ સ્થાનિક અને સ્થાનિક પરિસ્થિતિમાં લાભ ઉઠાવવા માટે પ્રયાસ કરશે. જાણકાર લોકો માની રહ્યા છે કે, જો ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવામાં સફળ રહેશે તો આંતરરાષ્ટ્રીય મંચ ઉપર સૌથી વધારે રમાતા ફુટબોલનું ચિત્ર ભારતમાં બદલાઈ શકે છે. ટીમ ઈન્ડિયા પાસેથી આવી જ અપેક્ષા રાખવામાં આવી રહી છે. વિશ્વકપનું યજમાનપદ મળ્યા બાદથી જ ટીમ ઈન્ડિયા જોરદાર તૈયારી કરી રહી હતી. ભારતીય ટીમે લાંબા સમય સુધી યુરોપમાં તૈયારી કરી છે. અનેક ક્લબની સાથે તૈયારીઓ કરી છે. ભારતીય ટીમે જર્મની, સ્પેન, દુબઈ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલનો પ્રવાસ કર્યો છે. આ ઉપરાંત એએફસી અન્ડર-૧૬ ચેમ્પિયનશીપ, એઆઈએએફ યુથ કપ, અન્ડર-૧૭ બ્રિક્સ ટુર્નામેન્ટમાં પણ રમવાનો અનુભવ લીધો છે. ભારતીય ટીમ અમરજીતસિંહના નેતૃત્વમાં મેદાનમાં ઉતરી રહી છે. આવતીકાલથી શરૂ થતી આ સ્પર્ધાનું આયોજન ફિફા દ્વારા કરવામાં આવ્યું છે. ૨૮મી ઓક્ટોબર સુધી સ્પર્ધા ચાલશે. ૨૪ ટીમો આમા મેદાનમાં ઉતરી રહી છે. ભારત દ્વારા ફિફા ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવતા ચાહકો રોમાંચ અનુભવી રહ્યા છે. ૨૦૧૩ બાદથી અન્ડર-૧૭ વિશ્વકપનું આયોજન કરનાર ભારત પ્રથમ એશિયન દેશ બનવા જઈ રહ્યું છે. આ મેચો છ યજમાન શહેરોમાં છ સ્ટેડિયમોમાં રમાશે. ફાઈનલ મેચ પશ્ચિમ બંગાળના કોલકાતાના સોલ્ટલેક સ્ટેડિયમ ખાતે રમાશે.

### સ્પીડ બ્રેકરના...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સાથે સાથે આપના વાહનને નુકસાન કરી શકે છે. તેમણે વાતચીતમાં કહ્યુ હતુ કે તેઓ ખાતરી કરશે કે સ્પીડ બ્રેકર બનાવતી વેળા નિયમોને પાળવામાં આવે તે જરૂરી છે. ગડકરીએ કહ્યુ હતુ કે મંત્રાલય આ બાબતની ખાતરી કરશે કે સ્પીડ બ્રેકર વિચારણા કરીને ક નિશ્ચિત જગ્યાએ જ બનાવવામાં આવે. ગ્રામીણ વિસ્તારોમાં તો દરેક ૧૦૦ મીટરના અંતરે એક સ્પીડ બ્રેકર રહે છે. આવા સ્પીડ બ્રેકર સામાન્ય રીતે આવાસ વિસ્તારોમાં રહે છે. કેટલીક જગ્યાએ ટ્રાફિકને નિયંત્રિત કરવા આ કામ કરે છે.

### ગૌ મંત્રાલયની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ત્યારે તેમણે ગૌ સંરક્ષણ માટે ઘણું કામ કર્યુ હતું. જયારે હું મારી રજૂઆતો લઈને તેમને મળ્યો તો તેમણે મને સકારાત્મક એકશન લેવાની બાંહેધરી આપી હતી.'

કથીરીયાએ જણાવ્યું કે તેમણે ૧૯મી સદીથી ચાલ્યા આવતા ૩૯ મિલિટરી ડેરી ફાર્મ્સ બંધ કરવાના મુદ્દા અંગે પણ વાતચીત કરી હતી. તેમણે નવા મિલિટરી ડેરી ફાર્મ ખોલવામાં આવે તેવી માંગણી કરી હતી. અબડાસાના કોંગ્રેસી ધારસભ્ય શકિતસિંહ ગોહિલે આ રજૂઆતોને રાજકિય યુકિત કહ્યું હતું. તેમણે વધુમા જણાવ્યું હતું કે, ‘જો તેઓ ખરેખર ગૌરક્ષાના આગ્રહી હોય તો તેમણે ગૌચર બચાવવા માટે કાર્ય કરવું જોઈએ જે તેમણે તેમના ફેવરિટ બિઝનેસમેનોને આપી દીધી છે.'

### ડીસામાં માળી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

માલગઢ હાઈસ્કુલના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ જી. પઢિયાર, નેમાજી કસ્તુરજી પઢિયાર, કૈલાશભાઈ ગેલોત, નાયબ કાર્યપાલક ઈજનેર સરદાર કૃષિનગર દાંતીવાડાના ઈશ્વરલાલ સી.ગેલોત, પૂર્વ ડેલીગેટ નરેશભાઈ સોલંકી, માલગઢના સરપંચ શ્રવણકુમાર પરમાર, રાણાભાઈ માળી, નિલેષભાઈ ગેલોત (એલ.ડી. ગૃપ), કોલ્ડ સ્ટોરેજના પ્રમુખ પ્રકાશભાઈ માળી, પ્રહલાદજી માળી, દાનાજી માળી, જયંતિભાઈ પઢિયાર, ભરતકુમાર માળી, બાબુજી માળી, પોપટલાલ માળી, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ફરી વખત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દાઉદ અને તેના સાગરીતો મુંબઈ હુમલા જેવા મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. હવે કેન્દ્રિય તપાસ સંસ્થાઓ અને મુંબઈ પોલીસ દ્વારા આ લોકોની શોધખોળ ચાલી રહી છે. થોડાક દિવસ પહેલા જ ડોનના ભાઈ ઈકબાલ કાસ્કરની થાણે પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. ઈકબાલને બળજબરીપૂર્વક ખંડણી વસુલ કરવા અને ધાક ધમકી આપવાના આરોપસર પકડી લેવામાં આવ્યો હતો. તેને મુંબઈમાં તેના આવાસ પરથી પકડી લેવામાં આવ્યો હતો. ઈકબાલની સાથે સાથે ચાર અન્ય લોકોની પણ ધરપકડ કરવામાં આવી હતી. એમ કહેવામાં આવે છે કે ઈકબાલ પણ દાઉદના નામે ખંડણી એકત્રિત કરી રહ્યો હતો. બિલ્ડરોને ધમકી આપી રહ્યો હતો. ઈકબાલ કાસ્કરે એક બિલ્ડરને ધમકી આપીને પૈસા પડાવી લેવાના પ્રયાસ પણ કર્યા હતા. ઈકબાલને ૧૩મી ઓક્ટોબર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. તેની પુછપરછમાં કેટલીક ચોંકાવનારી વિગતો પણ સપાટી પર આવી ચુકી છે. કાસ્કરના બે સાગરીતોને પણ ૧૩મી ઓક્ટોબર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. કોર્ટે આ મામલામાં ચોથા આરોપી પંકજ ગાંગરની પોલીસ કસ્ટડીની અવધિને પણ વધારી દીધી છે. દાઉદના ખતરનાક કાવતરા અંગે માહિતી મળ્યા બાદ સાવધાની રાખવામાં આવી રહી છે. કાસ્કરની ધરપકડ કરવામાં આવ્યા બાદ થાણે પોલીસ દ્વારા તેની સતત પુછપરછ કરવામાં આવી હતી. જેમાં કાસ્કરે બાઈ દાઉદ અંગે કેટલીક વાત કરી હતી. કાસ્કરે કહ્યુ હતુ કે દાઉદ બિમાર છે તે પ્રકારના હેવાલ પાયાવગરના છે. દાઉદના કારોબારને પત્નિ સંભાળી રહી હોવાની વિગત પણ ખુલી હતી. દાઉદના સ્થળ અંગે પણ વાત કરી હતી. વાતચીત ઈન્ટરસેપ્ટ થયા બાદ મુંબઈ પોલીસ વધારે સક્રિય દેખાઈ રહી છે.

### વીજ ઉત્પાદન ...

પાના નં.૮ ચાલુ

વોટ જેટલુ થતું હતું જયારે આજે જુદા જુદા સ્ત્રો તો દ્વારા રાજયમાં ૨૫,૨૫૬ મેગા વોટ વીજળીનું ઉત્પોદન થાય છે. જે રાજયમાં સરેરાશ વીજ ઉત્પાતદન કરતાં બમણું છે. તેમણે કહ્યું કે રાજય સરકારે સોલાર રૂફ ટોપ યોજના અમલમાં મુકી છે જેના દ્વારા લોકો પોતાના ઘરે પણ વીજળી ઉત્પન્ન કરી તેનો ઉપયોગ કરી શકે છે. મંત્રીએ કહ્યું કે ખેડૂતોને જરૂરી તમામ મદદ કરવા સરકાર કટિબધ્ધ છે. તેમણે કહ્યું કે ભારે વરસાદ અને પૂરના સંકટ સમયે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પાંચ દિવસ સુધી બનાસકાંઠા જિલ્લામાં રોકાઈને પૂર અસરગ્રસ્તો સાથે રૂબરૂ મુલાકાત કરી સહાય વિતરણની કામગીરી વેગવંતી બનાવી પોતાની સંવેદનશીલતાનો પ્રજાને સરસ અહેસાસ કરાવ્યો છે. તેમણે ઉમેર્યુ કે ખેડૂતોના હિત માટે સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ટેકાના ભાવોની ઉદાર ઘોષણા કરી છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે આ સરહદી વિસ્તારના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકારે વિરાટ અભિયાન હાથ ધર્યુ છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાની પ્રજાએ ભૂતકાળમાં દુઃખના ઘણા દિવસો જોયા છે પરંતુ હવે સુખના દિવસો આવ્યા છે. તેમણે કહ્યું કે નર્મદાના નીર આવવાથી દુઃખના દિવસો પુરા થયા છે અને સુખની શરૂઆત થઈ છે. મંત્રી ચૌધરીએ કહ્યું કે નર્મદાના નીર આવવાથી બનાસકાંઠાની સૂકીભઠ્ઠ ધરતી ઉપર હવે હરીયાળી અને સુખ-સમૃધ્ધિઆ જોવા મળે છે. મંત્રીએ કહ્યું કે હું આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માનુ છુ કે બનાસકાંઠા જિલ્લાદને આટલો મોટો સોલાર પાર્ક આપ્યો છે. જેનાથી આ વિસ્તાકરમાં વિકાસકૂચ વધુ વેગવંતી બનશે. તેમણે કહ્યું કે આ સોલાર પાર્ક સમગ્ર બનાસકાંઠા જિલ્લાને વીજળી પુરી પાડી શકે તેટલી વીજળી ઉત્પન્ન કરશે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે સુઈગામ તાલુકાના હરસદ મુકામે પણ ૫૦૦ મેગા વોટનો સોલાર પાર્ક મંજુર કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે બોર્ડર ટુરીઝમ અને સોલાર પાર્કથી આ વિસ્તાંરમાં રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ બનશે. વાવ, સુઈગામ અને ભાભર મુકામે આઈ.ટી.આઈ.માં સોલાર પાર્ક માટે સ્પેશ્યલ ટ્રેડ શરૂ કરી યુવાનોને તાલીમ અપાશે એમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર રાજય સરકારના સંગીન પ્રયાસોને લીધે સમગ્ર રાજયમાં તમામ ક્ષેત્રોમાં વિકાસકૂચ વેગવંતી બની છે. તેમણે કહ્યું કે નર્મદા કમાન્ડ્ એરીયામાં પૂર અસરગ્રસ્ત ખેડુતોને પિયત વિસ્તારના ધોરણો અનુસાર પાક નુકસાન અને જમીન ધોવાણની સહાય ચુકવવામાં આવશે. મંત્રીએ જણાવ્યું કે રાધાનેસડા-માવસરી બેલ્ટ આને રણની થપાટોએ પરેશાન કરી મુકયો હતો પરંતુ હવે અહીં સુખની શરૂઆત થઈ છે. તેમણે ઉમેર્યુ કે શહેરના જેવી તમામ સુવિધાઓ અહીં ઉપલબ્ધઆ બનાવવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય પરબતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોર, ડીસા માર્કેટયાર્ડના પ્રમુખ માવજીભાઈ દેસાઈ, અગ્રણીઓ સર્વ ઉમેદદાન ગઢવી, વાવ રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ, ગુમાનસિંહ ચૌહાણ, હિતેષભાઈ ચૌધરી, વસંતભાઈ પુરોહિત, જિલ્લાણ વિકાસ અધિકારી અમિત અરોરા, યુ.જી.વી.સી.એલ.ના સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જીનિયર એલ.એ.ગઢવી સહિત અગ્રણીઓ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ડીસાના બે...

પાના નં.૮ ચાલુ

દ્વારા ઠરાવ કરી બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ ફ્લોર એમ ચાર માળ સુધીનું બાંધકામની મંજૂરી અપાઈ હતી. જો કે ત્યારબાદ બિલ્ડર દ્વારા પાલિકમાં રજુ કરેલ નકશા વિરુદ્ધનું બાંધકામ કર્યુ હોવાની રજૂઆત થતાં પાલિકા દ્વારા તપાસ કરતા તમામ ફ્લોરમાં બિલ્ડર દ્વારા કોઈપણ જાતની મંજૂરી મેળવ્યા સિવાય વધારાનું બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું હતું. જેથી ડીસા નગરપાલિકા દ્વારા તારીખ ૬ જૂનના રોજ બિલ્ડરને વધારાનું બાંધકામ દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી.જો કે બિલ્ડર દ્વારા નોટિસને ગણકાર્યા સિવાય કામકાજ ચાલુ રાખી કોમ્પલેક્સનું કામ પૂર્ણ કરી દીધું હતું .

આ ઉપરાંત ડીસા પાટણ હાઈવે પર પાલિકા વિસ્તારમાં આવેલ રાજપુર રેવન્યુ સર્વે નંબર ૨૨૨ પૈકીના પ્લોટ નંબર ૮૦ થી ૮૩માં જયંતિલાલ રવચંદભાઈ સંઘવી (શાહ) દ્વારા દ્વારા રિવાઈઝ્ડ લે આઉટ પ્લાંન મુજબ કોમર્સિયલ રિટેલ શોપનું બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર સાથે ચાર માળનું બિલ્ડિંગ બનાવવાની પરમીશન માંગવામાં આવી હતી. જેમાં પણ પાલિકા દ્વારા પરમીશન અપાયા બાદ બિલ્ડર દ્વારા તમામ ફ્લોર પર મંજૂરી વગર નકશા વિરુદ્ધ બાંધકામ કર્યું હોવાની નોટિસ અપાઈ હતી. જોકે બંને શોપિંગ સેન્ટરમાં માત્ર નોટિસ આપ્યા બાદ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ ન હોઈ બિલ્ડરોએ પણ નોટિસ ની અવગણના કરી બેરોકટોક કામ ચાલુ રાખી શોપિંગ સેન્ટરનું કામ પૂરું પણ કરી દીધું હતું.

જેથી આ બાબતે ગેરકાયદેસર બાંધકામની રજુઆત કરનાર દ્વારા જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરી પાલિકા દ્વારા નોટિશ આપ્યા બાદ પણ બિલ્ડરોએ બાંધકામ ચાલુ રાખતા આ બાબતે તપાસ કરવા જણાવ્યું છે.

### યાત્રાધામ અંબાજીમાં ...

પાના નં.૮ ચાલુ

રહેતો હોય છે. તેમાં ભાદરવી, પોષી, ચૈત્રી અને આસો મહીનાની શરદ પૂનમનું વિશેષ મહત્વ છે ત્યારે ગઈકાલે વિક્રમ સંવતના વર્ષની છેલ્લી પૂનમ એટલે કે શરદપૂર્ણિમાના દિવસે બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ મા અંબેના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પૂનમને લઈ મંદિરનો ચાચરચોક સહિત સમગ્ર ધામ શ્રદ્ધાળુઓથી ઉભરાઈ ગયું હતું.

શરદપૂનમની રાત્રે અંબાજીના ચાચર ચોકમાં માતાજીના સન્મુખ ગરબા રમવાનો અનેરો લ્હાવો છે ત્યારે ગઈકાલે માતાજીના ચાચરચોકમાં મોડી રાત સુધી ખેલૈયાઓએ ગરબાની રમઝટ જમાવી હતી, સાથે દુધ પૌંઆની માણી હતી.

### ડીસા બેઠક...

પાના નં.૮ ચાલુ

પાઠવી તેમની દાવેદારીને સ્વયંભૂ સમર્થન આપ્યું હતું. ડીસાવાસીઓએ પણ આ અહેવાલને પ્રચંડ પ્રતિસાદ આપી ડીસાના હીતમાં તેમની દાવેદારીને આગોતરી શુભેચ્છાઓ પાઠવી હતી. ખુદ ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોએ પણ ખુશાલી વ્યક્ત કરી હતી. કારણ સ્વ. બી.કે. ગઢવી બાદના નેતાઓ જિલ્લાનો અવાજ ગાંધીનગર અને દિલ્હી સુધી પહોંચાડવામાં ઉણા ઉતર્યા છે. પરંતુ એકમાત્ર શંકરભાઈ ચૌધરીમાં તેમની ઝલક જણાય છે. સતત ચાર વખત વિધાનસભાની ચૂંટણી જીતી રાજયમંત્રી પદ મેળવનાર શંકરભાઈ ચૌધરીએ યુવા વયે આગવી આવડતથી રાજકારણમાં હથોટી મેળવી લીધી છે. તેમના પ્રયાસોથી બનાસ ડેરી થકી અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કરકમળોથી અમલી બન્યા છે. જેનાથી બનાસકાંઠાના વિકાસના દ્વાર ખુલ્યા છે. તેમની દૂરંદેશીથી તેમના મત વિસ્તાર નડાબેટ બોર્ડરનો વાઘા બોર્ડર જેવા આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળ રૂપે વિકાસ થઈ રહ્યો છે. એટલું જ નહીં, જુલાઈ - ૨૦૧૭ માં જિલ્લામાં આવેલા પૂર વખતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાંચ દિવસ જિલ્લામાં ધામા નાખી અહીંથી રાજ્યનો વહીવટ ચલાવ્યો હતો. તેનું શ્રેય પણ શંકરભાઈ ચૌધરીના ફાળે જાય છે. જે તેમની પ્રદેશ અને કેન્દ્ર સુધીની પહોંચને પુરવાર કરે છે ત્યારે વાદ- વિવાદ નહીં પણ નક્કર કામગીરીમાં માનતા શંકરભાઈ ચૌધરીને ડીસા વિધાનસભા બેઠકના નેતૃત્વની તક મળે તો ડીસાના વિકાસ દ્વાર ખુલવા સાથે વર્ષોથી પડતર પ્રાણ પ્રશ્નો જેવા કે સિવિલના આધુનિકરણ, ટ્રાફિકની જટીલ સમસ્યા નિવારવા હાઈવે ઉપર ઓવરબ્રિજ નહીં તો બાયપાસ અથવા રીંગરોડ, એરપોર્ટ ઉપર વિમાની સેવા, બનાસ નદીને સજીવન બનાવી રીવરફ્રન્ટની રચના, મોટા ઉદ્યોગની સ્થાપના જેવા અનેક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે તેમ છે. તેથી તેમની દાવેદારીને અભૂતપૂર્વ આવકાર સાંપડવા પામ્યો છે.

### નરેન્દ્ર મોદી...

પાના નં.૧ ચાલુ

રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, અન્ય રાજકીય નેતાઓ-આગેવાનો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ૬૭ જણાં સામે એફઆઈઆર દાખલ કરવા અગાઉ ઝાકીયા જાફરીએ રાજયના ડીજીપીને અરજી કરી હતી. જો કે, ડીજીપીએ તેમની આ અરજી ગ્રાહ્ય રાખી ન હતી. જેને પગલે ઝાકીયા જાફરીએ મોદી સહિતના મહાનુભાવો વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી હતી. પરંતુ હાઈકોર્ટે પણ તેમની આ રિટ અરજી ફગાવી દીધી હતી

## બીહાઈન્ડ

અનુસંધાન ૫ નું ચાલુ

પરિણિતી અને સુરજની જોડી લોકોને પસંદ પડશે કે કેમ તે તો સમય બતાવશે પરંતુ હાલમાં બોલિવુડમાં નવી નવી જોડીને ચમકાવવાને લઈને નિર્માતા નિર્દેશકો પ્રયાસ કરે છે. કારણ કે ફિલ્મ ચાહકો હવે નવા નવા કલાકારોને જ જોવા માટે ઈચ્છુક હોય છે. પરિણિતી ચોપડા ગોલમાલ અગેઈન નામની ફિલ્મમાં પણ હાલ કામ કરી રહી છે. જે ટુંક સમયમાં જ રજૂ કરવામાં આવનાર છે. જેની તૈયારી હાલમાં ચાલી રહી છે.

## રજનિકાંત સાથે એક ફિલ્મ મળી જતા અક્ષય ખુબ ખુશ

બોલિવુડ સ્ટારની બોલિવુડમાં પોતાની એક્ટિંગ કુશળતાના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી મોટા સ્ટારની યાદીમાં રહેલા અક્ષય કુમારની મોટી ફિલ્મ ટુ હવે વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર છે. રજનિકાંત જેવા દેશના સૌથી લોકપ્રિય સ્ટાર સાથે કામ મળતા અક્ષય ખુબ ખુશ છે. તેનુ કહેવુ છે કે તે ગર્વ અનુભવ કરી રહ્યો છે. આ ફિલ્મને હવે ૨૫મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ફિલ્મમાં રજનિકાંત મુખ્ય સ્ટાર તરીક છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે એમી જેક્સન રહેશે. ટુ નામની આ ફિલ્મમાં તે વિલન તરીકે રજૂ થનાર છે. જો કે આ ફિલ્મ હવે નવા વર્ષે જાન્યુઆરીમાં રજૂ કરવામાં આવનાર છે. દિવાળી પર ફિલ્મને રજૂ કરવાની યોજના ટાળી દેવામાં આવી છે. તમામ ફિલ્મોમાં તેની જુદી જુદી ભૂમિકા રહેશે. આ વર્ષે અક્ષય કુમારની સૌથી પહેલા જોલી એલએલબી-૨ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જેમાં તેની સાથે હુમા કુરેશીની મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા હતી.ફેબ્રુઆરી મહિનામાં રજૂ થયેલી આ ફિલ્મ એક કોર્ટ ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. જેમાં કોમેડી પણ ભરપુર રીતે જોવા મળી હતી. આ ફિલ્મનુ શુટિંગ મોટા ભાગે લખનૌમાં કરવામાં આવ્યુ હતુ. અક્ષય કુમાર હાલના સમયમાં સૌથી વ્યસ્ત રહેનાર અભિનેતા પૈકી એક છે. અક્ષય કુમારની છેલ્લે ટોઈલેટ એક પ્રેમ કથા રજૂ કરવામાં આવી હતી. જેને બોક્સ ઓફિસ પર સારી સફળતા મળી હતી. દક્ષિણ ભારતમાં રજનિકાંતની લોકપ્રિયતા આજે પણ અકબંધ રહી છે. ચાહકો રજનિની સ્ટાઈલ પર ફિદા છે.

## પ્રિયંકા, અનુષ્કાની જેમ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે હુમા કુરેશી કુદશે

બોલિવુડની નવી આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશી પણ પ્રિયંકા ચોપડા અને અનુષ્કા શર્માની જેમ થોડાક સમય બાદ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે કુદી જવા ઈચ્છુક છે. તે કહે છે કે તેની ઈચ્છા પહેલાથી જ રહેલી છે. હોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી એન્જેલિનાની જેમ જ લાઈફમાં આગળ વધવા માંગે છે. હુમા કુરેશી હાલમાં અક્ષય કુમાર સાથે જોલી એલએલબી-૨ ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. મોટા સ્ટાર સાથે ફિલ્મ મળી ગયા બાદ તેની કેરિયરમાં તેજી આવી છે. આ ઉપરાંત તે સાઉથમાં પણ એન્ટ્રી કરી ચુકી છે. તેની વ્હાઈટ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. જેમાં તેની સાથે મમુટીની ભૂમિકા હતી. તે એન્જેલિનાની જેમ જ મોટી વયે પહોંચી ગયા બાદ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડશે અને ફિલ્મોમાં ભૂમિકા કરવાના બદલે નિર્માણમાં વધારે ધ્યાન આપશે. ગર્લ, ઈન્ટરપ્ટેડ તેમજ લારા ક્રોફ્ટ જેવી યાદગાર ફિલ્મો બનાવી ચુકેલી એન્જેલીનાથી હુમા કુરેશી ખુબ પ્રભાવિત રહી છે. ૩૯ વર્ષીય જોલી વર્ષ ૨૦૧૧માં ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમાં ઉતરી ગઈ હતી અને વર્ષ ૨૦૧૧માં જોલીએ લેન્ડ ઓફ બ્લડ એન્ડ હની જેવી યાદગાર ફિલ્મ બનાવી હતી. કુરેશી તેનાતી ખુબ પ્રભાવિત રહી છે. તેનુ કહેવુ છે કે હાલમાં તે ફિલ્મોમાં પોતાની ભૂમિકા પર ધ્યાન આપી રહી છે.`. હુમાએ તેની કેરિયરની શરૂઆત ગેંગ્સ ઓફ વાસેપુર મારફતે કરી હતી. બોલિવુડની આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશીએ તેની ટુંકી કેરિયરમાં જ સારી સફળતા મેળવી લીધી છે.

### અક્ષય

અનુસંધાન ૫ નું ચાલુ

સાથે સાથે તે પ્રોજેક્ટ માટે તૈયાર થઈ ગઈ છે. જો કે હજુ સુધી ફિલ્મને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સારાગઢી અને ગુલિસ્તાનના મોટા સેટ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના વઈમાં સ્થાપિત કરવામાં આવનાર છે. ફિલ્મ આગામી વર્ષે જાન્યુઆરીની આસપાસ ફલોર પર જઈ શકે છે. આ વિષય પર લાંબા સમયથી ફિલ્મ બનાવવાની યોજના છે.

કરણ જોહર ઉપરાંત અજય દેવગન પણ આના પર ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક છે. પરિણિતી હાલમાં દિવાળી પર રજૂ કરવામાં આવનાર પોતાની ફિલ્મ ગોલમાલ અગેઈનને લઈને પ્રમોશનમાં વ્યસ્ત છે. જ્યારે અક્ષય કુમાર પણ અન્ય ફિલ્મોને લઈને વ્યસ્ત છે. તે સપોર્ટ ડ્રામાં ગોલ્ડમાં નજરે પડનાર છે.અક્ષય કુમાર પરિણિતી ચોપડાની બહેન પ્રિયંકા ચોપડાની સાથે કેટલીક ફિલ્મોમાં ઉપયોગી ભૂમિકા અદા કરી ચુક્યો છે

## રિચા

અનુસંધાન ૫ નું ચાલુ

તે ૨૪ વર્ષની વયમાં જ નિર્માણ ક્ષેત્રે કુદી પડવા માટે ઈચ્છુક હતી. પાંચ વર્ષના લાંબા ગાળા બાદ હવે રિચા નિર્માણ ક્ષેત્રે વધી ચુકી છે. ટુંકી ફિલ્મના નિર્માણ બાદ મોટી ફિલ્મ બનાવવા માટે વિચારણા કરવામાં આવનાર છે. તેનુ કહેવુ છે કે યુવા લોકોને આગળ આવવા માટે તે પ્રેરણા આપવા માંગે છે. યુવા લોકોએ હવે નિર્માણ માટેની જવાબદારી લેવી જોઈએ. તેનુ કહેવુ છે કે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ વ્યાપક સફળતાની તક રહેલી છે. ગેંગ્સ ઓફ વાસેપુરમાં તેની એક્ટિંગ કુશળતાની નોંધ લેવામાં આવી હતી. તેની ફુકરે ફિલ્મની પણ નોંધ લેવામાં આવી હતી. તે સિનેમાના જુદા જુદા પાસામાં અભ્યાસ કરી રહી છે. ફિલ્મ નિર્માણ કરવાની બાબત ચોક્કસપણે ખુબ શાનદાર છે. નિર્માણના ક્ષેત્રમાં તે જ્યારે પ્રવેશ કરી રહી છે ત્યારે કેટલીક બાબતોને શિખી રહી છે. અભિનેતા અને અભિનેત્રી પાછળ આટલી જંગી રકમ કેમ ખર્ચ કરવામાં આવી રહી છે તે બાબત તે હવે જાણી શકી છે. બોલિવુડમાં ચાલી રહેલી ગળા કાપ સ્પર્ધામાં અનેક નવી અભિનેત્રી ફેકાઈ છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................